SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

FEBRUARY
2006

વસંત પંચમી
રંગોત્સવ
ભુજ

મૂળી

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1







કોલોનીયા (યુ.એસ.એ.) આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઘનુર્માસમાં
શ્રી નરનારાયણ દેવના સાનિધ્યમાં વહેલી સવારે ધૂનમાં લાભ લેતાં હરિભક્તો







લંડનના ગેટવિક વિસ્તારમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરનું વિધિવત્ ભૂમિપૂજન કરતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને
ત્યારબાદ સભામાં દર્શન આપતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી






નારણઘાટ અને રિદ્રોલ મંદિરમાં શ્રીહરિના છઠ્ઠા
અને સાતમાં વંશજના વરદ્ હસ્તે શાકોત્સવ દર્શન

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ ફેબ્રુઆરી - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩

૩. નારાયણ નર ભ્રાતા ૪

૪. શ્રીહરિનું સામાજીક સુધારણાનું સફળ અભિયાન ૭

૫. સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી (પર્વ-૨) ૮

૬. વાણી ને પાણી ગાળીને વાપરવુ ૧૧

૭. સત્સંગ સુરભિ : તેનાથી અમારે છેટું નથી ૧૨

૮. જેવી ભગવાનની ઈચ્છા ૧૫

૯. સાચી મિત્રતા ૧૬

૧૦. સત્સંગ બાલવાટિકા ૧૭
(૧) ભરી સભામાં ભગવાન 'મા' બન્યા
(૨) વિશ્વાસી તરી જાય

૧૧. પ્રશ્નપેટી ૨૧

૧૨. ભક્તિસુધા ૨૨
(૧) શિક્ષાપત્રીમાં - પતિવ્રતાના ધર્મો
(૨) સત્સંગનો ખપ

૧૩. સત્સંગ સમાચાર દેશ-વિદેશના ૨૬

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

વચનામૃતમાં શ્રીજી મહારાજે ભગવાનના અવતારોના પ્રકારોની વાત કહી છે. તેમજ તે ભગવાનના અવતારોની મૂર્તિઓના પણ પ્રકાર કહ્યા છે. તેમાં પરમેશ્વરની આઠ પ્રકારની મૂર્તિ, એમાં સૌથી શ્રેષ્ઠ અને સુલભ એવી મૂર્તિ તે "પાષાણ"ની મૂર્તિના દર્શનમાં મુમુક્ષુ જીવને વિશેષ સુખ પ્રાપ્ત થાય છે. તેમજ સ્વરૂપોમાં પણ અર્ચાસ્વરૂપ જ સર્વજન સમુદાયને અતિ સરળતાથી પ્રાપ્ત થાય છે.

અન્ય મૂર્તિઓ અને સ્વરૂપો માટે ઘણી યોગ્યતાઓ અને ધનની પણ મોટા પ્રમાણમાં જરૂર ઉભી થાય છે. જે અર્ચાસ્વરૂપ એવી પાષાણની પ્રતિમા (મૂર્તિ) માટે એટલી દુર્લભતા નથી. તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે જગતના જીવ માત્રના મોક્ષને માટે પોતાના જ સ્વરૂપોની પોતાના જ વરદ્ હસ્તે સ્થાપના કરીને તેમાં પ્રાણ પ્રતિષ્ઠાપન કર્યું છે. એવા ભૂમંડલ ઉપર પૂર્ણાંક સૂચક નવ મહા મંદિરોમાં સૌ પ્રથમ ગુજરાતના પાટનગર એવા અમદાવાદ શહેરમાં શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી છે. જે પરમાત્માનું પ્રગટ અર્ચાસ્વરૂપ અનંત જીવોને આત્યંતિક મોક્ષ દર્શન માત્રથી આપે છે. જ્યારે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે આજથી ૧૮૫ વર્ષ પહેલા પ્રાણ પ્રતિષ્ઠા કરી હશે ત્યારે જે લાખો ભક્તોને દર્શન સુખ અને આનંદ આપ્યો હશે તેવો જ આનંદ આજે પણ આ દિવ્ય સ્થાને વિરાજમાન ભગવાન શ્રી નરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ ઉજવાય છે ત્યારે એજ શ્રીહરિએ પોતે સ્થાપન કરેલ પોતાનાજ અપર સ્વરૂપો બન્ને આચાર્યશ્રીઓના શુભ હસ્તે મહાભિષેક અને આરતી વગેરે થાય છે ત્યારે ભક્તોને સાક્ષાત્ અક્ષરધામના દર્શનનું સુખ મળે છે. આ દેવદુર્લભ દર્શનનું સુખ અને આનંદ તો અનેક જન્મોના સુકૃત એક સામટા ભેળા થાય ત્યારે જ જીવના ભાગ્યમાં પ્રાપ્ત થાય છે. તો ફાગણ સુદ-૩ના મંગલકારી સુપ્રભાતે આત્યન્તિક મોક્ષદાયક દર્શનનો અલભ્ય લાભ માણી લેવાનું કેમ ભૂલાય.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી – ૨૦૦૬)

૮. માણસા શ્રી સ્વામિનારાયણ મંદિર અને રિદ્રોલ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રંસગે પધરામણી.

૯. માણેકપુર (ઘનશ્યામનગર) (જી. ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ અને પારાયણ પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ગોઠીબ (પંચમહાલ) ખાત વિધિ પ્રસંગે પધરામણી.

૧૨. નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
મુબારકપુરા (જી. ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ધનુર્માસ ધૂનમાં દર્શન આપવા પધાર્યા.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.

૧૫. મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર ગુરુ મંત્રનો કાર્યક્રમ અને હરિભક્તોને ત્યાં સમૂહ પધરામણી.

૧૬. પ.ભ. પ્રવિણચંદ્ર હરમાનભાઈ બારોટને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૧૭. પ.ભ. કુમુદચંદ્ર પૂનમભાઈ અમીનને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, શિલજ.
પ.ભ. પ્રહલાદભાઈ કેશવલાલ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, રાણીપ.

૧૮. ડીસા (બનાસકાંઠા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯. અંજાર (કચ્છ) પધરામણી.

૨૦. પ.ભ. બિપીનભાઈ રણછોડભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, મેમનગર.
પ.ભ. ગોવિંદભાઈ મથુરદાસ પટેલના શોરૂમના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, ઘાટલોડીયા.
પ.ભ. પ્રવિણભાઈ રણછોડભાઈ પટેલને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૨૧. શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૨. વિહારગામે પ.ભ. માધવલાલ નારણદાસ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.
પ્રો. આર. આર. શાહ (શ્રી સહજાનંદ કોલેજ)ને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. મયુરકુમાર ધીરૂભાઈ સાવલીયાને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સોલારોડ.

૨૪. પ.ભ. ભૂપેન્દ્રભાઈ પ્રભુદાસ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, વાસણા.
ડૉ. કિરણ આર. ઠક્કર, શ્રી હર્ષદ આર. ઠક્કર અને શ્રી ભૂપેન્દ્રભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. ડૉ. જી. કે. પટેલને ત્યાં સગાઈ પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, છત્રાલ.

૨૫. ગામડી ગામે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. પરસોત્તમભાઈ મથુરદાસ પટેલને ત્યાં વાસ્તુપૂજન પ્રસંગે પધરામણી, રાણીપ.
શ્રી કશ્યપ નંદુભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, મીઠાખળી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.

૨૮. ડાંગરવા શ્રી સ્વામિનારાયણ મંદિર પદયાત્રીસંઘના હરિભક્તોને આશીર્વાદ આપવા પધરામણી.
વહેલાલ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર પોર (જી. ગાંધીનગર) પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦. પ.ભ. રમણભાઈ ચતુરભાઈ પટેલને ત્યાં (પોરવાળા) લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, ઉનાવા.

૩૧. મેડા (તા. કડી) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

નારાયણ નર ભ્રાતા

- ગોરધનભાઇ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેમને 'સત્સંગની મા'નું બિરૂદ આપ્યું છે તેવા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી રચિત જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી..... આ આરતી આજે આપણા દરેકે દરેક મંદિરો તથા હરિભક્તોના ઘેર ખૂબ ભાવથી ગવાય છે. આ આરતીમાં ત્રીજી કડી નીચે મુજબ લખાયેલ છે. નારાયણ નર ભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી, (૨) પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી..... જય ...



ઉપરોક્ત પદમાં 'નારાયણ નર ભ્રાતા' શબ્દોનો અર્થ કેટલાક ભક્તજનો પોતાની બુદ્ધિ અનુસાર એવો કરે છે કે નારાયણ એટલે ભગવાન અને 'નર' એટલે મનુષ્ય, જેથી નારાયણ અને નર એટલે કે મનુષ્ય બન્ને ભાઈઓ થયા. ટૂંકમાં ભગવાન અને માણસ બન્ને ભાઈઓ. ખરેખર આ ખૂબ ઉપર છલ્લો અને મનઘડંત અર્થ જણાય છે. તો કેટલાક વિમુખો તો વળી આરતીમાંથી 'નર' શબ્દ કાઢીને ત્યાં 'મુનિ' શબ્દ મૂકીને 'નારાયણ મુનિ ભ્રાતા' એવો ઉચ્ચાર કરીને આરતી ગાય છે. મુનિ તરીકે તેઓ મહારાજ સાથે એક નંદ સંત ને બેસાડે છે. સ.ગુ. મુક્તાનંદ સ્વામીના શબ્દોમાં ફેરફાર કરવો એટલે એ તો પોતાની બુદ્ધિનું દેવાળું ફૂંક્યા બરાબર છે. અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ મુક્તાનંદ સ્વામીમાં હંમેશા ગુરુભાવ રાખતા, એવા વડીલ નંદ સંતના શબ્દોમાં ફેરફાર કરવો એ તો પોતાની બુદ્ધિનું પ્રદર્શન છે.

હકીકતમાં મનુષ્ય એટલે આપણે ભક્તજનો ભગવાન એટલે નારાયણની દાસ ભાવે ભક્તિ કરીએ છીએ. સ્વામિ સેવક ભાવ હરહંમેશ રહે છે. સ્વામિ એટલે સ્વામિનારાયણ ભગવાન અને સેવક એટલે આપણે ભક્તજનો સેવક ભાવ રાખીને ભગવાનને આપણા સ્વામી તરીકે માનીએ છીએ. અને ભગવાનના ધામમાં ગયા પછી પણ સ્વામિ-સેવકનો ભાવ અતૂટ રહે છે.

નારાયણ અને નર બન્ને દિવ્ય શરીર વાળા પરમાત્માના સ્વરૂપો છે. તેનો પ્રાકૃત અર્થ ન થાય. મુક્તાનંદ સ્વામીની એવી પ્રાકૃત બુદ્ધિ નહોતી કે તેઓ ભગવાન સાથે કાળા માથાના માનવીને જોઈન્ટ કરી દઈને તેના ગુણગાન ગાવા લાગે. સદ્. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દો પ્રસિદ્ધ છે કે "છો તો એક ને દીસો છો દોય" એટલે કે એ એક જ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ નર અને નારાયણ એમ બે સ્વરૂપે થયાં છે. તેમજ તે બન્ને સ્વરૂપો ભ્રાતા એટલે કે ભાઈઓ સ્વરૂપે પ્રથમ સત્‌યુગને વિશે ધર્મ અને મૂર્તિ થકી પ્રગટ થયા છે. ફરી એ જ માતા પિતાનો એટલે કે ધર્મ અને મૂર્તિ જેનું બીજું નામ ભક્તિ દેવી થયું છે એટલે કે ધર્મ-ભક્તિ થકી વિક્રમ સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ-૯ના દિવસે નારાયણ અને નર ભગવાન બન્ને એક

થઈને સ્વામિનારાયણ ભગવાન તરીકે પ્રગટ થઈને અગણિત પામર પતિત નરનારીઓનો ઉદ્ધાર કર્યો છે. મોક્ષ કર્યો છે. વળી તેઓ દ્વિજ કુળ એટલે કે બ્રાહ્મણ કુળમાં પ્રગટ થયા હતા. શ્રીહરિના પિતા ધર્મદેવ સાવર્ણિગોત્રી બ્રાહ્મણ છે. આમ શ્રી નરનારાયણદેવ એ સ્વયં શ્રીહરિ પોતે જ છે. અને બન્નેમાં લેશમાત્ર પણ ભેદ નથી. આ વાત ન સમજાય તો આપણા કલ્યાણમાં મોટી કાચપ રહી જાય. ભગવાન શ્રીહરિએ અમદાવાદ તથા ભુજ મંદિરમાં સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી છે. ભગવાને ભગવાન પધરાવ્યા છે. ભગવાને નારાયણ ભગવાનની સાથે નર રૂપે કોઈ મનુષ્યની પ્રતિષ્ઠા નથી કરી.

પુરુષોત્તમ નારાયણ ભગવાન મૂળ સ્વરૂપે અક્ષરધામમાં રહ્યા છે અને બીજા સ્વરૂપે બદ્રિકાશ્રમમાં નરનારાયણ સ્વરૂપે રહી તપ કરી તે તપનું ફળ ભરતખંડના પોતાના ભક્તોને આપે છે. આપણા ઈષ્ટદેવ શ્રીહરિ વચનામૃતમાં કહે છે ..... .આ શ્રી નરનારાયણને અમે અમારૂં રુપ જાણી અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે લગીરે પણ ભેદ સમજવો નહીં ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે. (અમ. વ. ૬)

અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એજ હારદ છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તેજ આ સભામાં નિત્ય વિરાજે છે. તે સારૂં મુખ્યપણું લાવીએ છીએ. અને તે સારૂં અમે અમારૂં રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબધ્ધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણદેવની મૂર્તિયુ પ્રથમ પધરાવી છે. (જેત. વ. ૫)

ઉપરોક્ત વચનામૃતમાં મહારાજ અને નરનારાયણદેવનું એકત્વ સાબિત થાય છે.

પ્રથમ ભગવાન સાબરમતીના કિનારે ધર્મારણ્ય ક્ષેત્રમાં ધર્મ અને મૂર્તિ એ દેવોના બાર વર્ષ સુધી તપ કર્યું. ત્યારે તે તપથી પ્રસન્ન થઈને નર, નારાયણ, હરિ અને કૃષ્ણ એમ ચાર સ્વરૂપે પ્રગટ થયાં હતા. આ તીર્થ આજે નારાયણઘાટ નામથી પ્રસિદ્ધ છે. નરનારાયણ સ્વરૂપ બદરિકાશ્રમમાં જઈને તપ કરવા લાગ્યા. હરિ લક્ષ્મીજી સાથે વિવાહ કરીને લક્ષ્મીનારાયણ દેવ તરીકે વૈકુંઠમાં રહ્યા. અને કૃષ્ણ રાધિકાજી સાથે ગોલોકધામમાં રહ્યા. ચાક્ષુસ મન્વંતરમાં દુર્વાસા ઋષિના શાપથી પ્રલય થયો. એ વખતે નરનારાયણદેવ પણ આ પૃથ્વી ઉપર અક્ષરધામમાં પહોંચી ગયા. ફરીથી સૃષ્ટિ રચાઈ. ફરીથી એજ સ્થળે ધર્મ અને મૂર્તિના તપથી પ્રસન્ન થયેલા પરમાત્મા વૈવસ્વન મન્વંતરમાં ઉત્તરાયણમાં ફાગણ માસના ફાલ્ગુની નક્ષત્રમાં સવારે ધર્મ અને મૂર્તિ થકી નરનારાયણદેવ સોળ વર્ષની ઉંમરવાળા પ્રગટ થયા. ત્યારે દેવતાઓએ ફૂલનો હિંડોળો બનાવી તેમાં નરનારાયણદેવને પધરાવીને ફુલદોલોત્સવ કર્યો હતો. જે ફુલદોલોત્સવ સ્વામિનારાયણ ભગવાન વખતથી આપણાં સંપ્રદાયમાં ફાગણ માસની પૂનમના નરનારાયણદેવના પ્રાગટ્યદિને આજે પણ ખૂબ ધામધૂમથી ઉજવાય છે.

આપણા બ્રહ્માંડના બ્રહ્માજીએ પોતાની આયુષ્યના પચાસ વર્ષ સુધી જ્યારે અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણને પોતાના બ્રહ્માંડમાં પધારવા પ્રાર્થના કરી, ત્યારે એ પુરુષોત્તમ નારાયણ દુર્વાસામુનિના શાપને નિમિત્ત બનાવીને નિજસ્વરૂપ ભરતખંડના રાજા અને ઉપાસ્ય એવા શ્રી નરનારાયણદેવને આગળ કરીને, તે સ્વરૂપમાં પોતાનું એકત્વ સિધ્ધ કરવા શ્રી ઘનશ્યામ મહારાજ યાને કે શ્રી સ્વામિનારાયણ ભગવાન તરીકે પ્રગટ થયા. તેથી મુક્તાનંદ સ્વામીએ લખ્યું કે નારાયણ નર ભ્રાતા દ્વિજકુળ તનુધારી.

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં લખ્યું કે એ શ્રીકૃષ્ણ અર્જુને યુક્ત હોય ત્યારે 'નર નારાયણ' એવે નામે જાણવા અને શ્રીકૃષ્ણ રાધાજીએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ કહેવાય અને લક્ષ્મીજીએ યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ કહેવાય. પરંતુ મહારાજ કહે છે કે રાધાદિક ભક્ત ક્યારેક તો શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે. પ્રભુએ રાધિકાજીને ભક્ત કહ્યા છે. એટલે લક્ષ્મીજી, રાધાજી કે અર્જુન એ તો ભગવાનના ભક્તો થયા. જેથી અર્જુન એ 'નર' નથી. મહાભારત સ્વીકારે છે કે - अर्जुनस्तु नरावेश श्रीकृष्णास्तु भगवान स्वयम् । એટલે કે અર્જુનમાં નર ભગવાનનો આવેશ હતો. જ્યારે શ્રીકૃષ્ણતો સ્વયં ભગવાન છે. એટલે અર્જુનમાં હરિઈચ્છાના કારણે

સમય મર્યાદિત કાર્યની સિદ્ધિ માટે નર ભગવાનનો આવેશ હતો. એ આવેશ પણ જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા ત્યારે ચાલ્યો ગયો. અને અર્જુન સામાન્ય મનુષ્ય જેવા બની ગયા. એટલે તો ભગવાનની પત્નીઓને કાબાઓએ લૂંટી લીધી ત્યારે તેને બચાવી પણ શક્યા નહિ. એ રીતે અર્જુનમાં નર ભગવાનનો આવેશ હતો. જેથી જ્યારે અર્જુનમાં નર ભગવાનનો આવેશ હોય ત્યારે અર્જુન શ્રીકૃષ્ણ સાથે નરનારાયણ તરીકે ઓળખાય. બાકી મૂળ નરનારાયણ ભગવાન તો એક સ્વતંત્ર અવતાર અને અનાદિ છે. તેનો મહિમા પણ અનાદિ છે.

ઉપરોક્ત પેરેગ્રાફમાં કાર્યસિદ્ધ શબ્દ વાપર્યો તેના પ્રમાણરૂપે શ્રીમદ્ ભાગવત કહે છે કે નરનારાયણદેવ પૃથ્વીનો ભાર દૂર કરવા યદુવંશમાં શ્રી કૃષ્ણરૂપે તથા કુરૂવંશમાં અર્જુનરૂપે પૃથ્વી પર અવતર્યા હતા. સહસ્ત્રકુંચી નામના રાક્ષસને હણવાનું કામ પણ નરનારાયણદેવે અધૂરું છોડ્યું હતું. કારણ કે સહસ્ત્રકુંચી ભગવાનને ઓળખી જવાથી એક કવચ સાથે યુદ્ધ ભૂમિ છોડી સૂર્યનારાયણના શરણે ગયો હતો. સૂર્યનારાયણના અનુગ્રહથી તે સહસ્ત્રકુંચી કુંતામાતા થકી કર્ણ તરીકે જન્મયો હતો. આમ કર્ણ પૂર્વનો અસુર હોવાથી જ અધર્મના પક્ષે લડ્યો હતો. કુરુક્ષેત્રની યુદ્ધ ભૂમિમાં નરનારાયણદેવે અર્જુન-શ્રીકૃષ્ણરૂપે થઈને એ કર્ણના રૂપમાં રહેલા સહસ્ત્રકુંચી નામના રાક્ષસને હણી નાંખ્યો.

સત્સંગિજીવન ગ્રંથમાં બ્રહ્માજી ભગવાનના સાર્થક નામો પાડે છે કે સર્વનું કલ્યાણ કરનારા, તેમજ નાર એટલે નરનો સમૂહ અયન એટલે મોક્ષ જેનાથી થાય એનું નામ નારાયણ. વળી જગતના કલ્યાણ માટે તપ કરવાથી અને નર સાથે બદ્રિકાશ્રમમાં નિવાસ કરવાથી નારાયણ નામ યોગ્ય થશે. ધર્મ મૂર્તિના બીજા પુત્ર ત્રિલોકમાં કાળ, માયા આદિના નિયામક અને માયામાં કોઈ દિવસ આસક્ત ન થનારા હોવાથી તેમનું નામ નર રાખવામાં આવે છે. મોટા મોટા રાજાઓને પોતાની શક્તિથી વશ કરશે તેથી નર સંજ્ઞાને યોગ્ય છે.

"શ્રી પુરુષોત્તમ નારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રી નરનારાયણરૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરે છે અને વળી તે નરનારાયણ તે પૃથ્વીને વિષે કોઈક કાર્યને અર્થે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, રામકૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને નટની પેઠે ત્યાગ કરે છે..... તે શ્રી નરનારાયણ સર્વે અવતારના કારણ છે. (વચ. અમ. ૪)

ઉપરોક્ત વચનામૃતમાં પણ શ્રીજી મહારાજ અને નરનારાયણદેવનું એકત્વ સાબિત થાય છે. કારણ કે શ્રીજી મહારાજ અનેકવાર પોતાના ભક્તજનોને ૨૪ અવતારો સ્વરૂપે દર્શન આપતા અને એ તમામ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરી દેતા. આમ શ્રીજી મહારાજ સર્વાવતારી સર્વ અવતારના કારણ છે એ અનેકવાર સિદ્ધ થયેલું છે.

આ રીતે પુરુષોત્તમ નારાયણ નરનારાયણદેવ રૂપે પ્રગટ થયા છે. અને એ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ નરનારાયણદેવ સાથે એકતા કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વરૂપે પ્રગટ થઈને અસંખ્ય પામર પતિત મનુષ્યોનો ઉદ્ધાર કર્યો છે, જેથી મુક્તાનંદ સ્વામીએ લખ્યું કે નારાયણ નર ભ્રાતા, દ્વિજકુળ તનુધારી.

સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૪મો પાટોત્સવ ધામધુમ ઉજવાશે

સર્વાવતારી શ્રીહરિએ સંપ્રદાયમાં સૌ પ્રથમ અમદાવાદમાં સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે ભવ્ય મંદિર નિર્માણ કરાવી તેમાં સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવ આદિ સ્વરૂપોની સ્વહસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. આવા અલૌકિક મહાપ્રતાપી ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવનો ૧૮૪મો પાટોત્સવ મહોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ફાગણ સુદ-૩ તા. ૨-૩-૨૦૦૬ને ગુરુવારના રોજ ધામધુમથી સંપન્ન થશે. સમસ્ત સત્સંગને દર્શનનો મહા લાભ લેવા રૂડું આમંત્રણ છે.

-: કાર્યક્રમ :-

મંગળા આરતી	સવારે ૫-૩૦ કલાકે
મહાભિષેક	સવારે ૬-૦૦ થી ૭-૦૦ કલાકે
શણગાર આરતી	સવારે : ૮-૦૦
પ્રાસંગિક સભા	સવારે : ૯-૩૦ થી ૧૦-૩૦ કલાકે
અન્નકૂટ દર્શન	સવારે : ૧૧-૦૦ કલાકે

- મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

શ્રીહરિનું સામાજીક સુધારણાનું સફળ અભિયાન

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

શ્રીજી મહારાજને હૈયે લોકોનું હિત અને કલ્યાણ સદાયે વસેલા હતા. પોતાના અવતારી કાળ દરમ્યાન લોકોના પહાડ જેવા દુઃખો દૂર કરવામાં, લોકોને પરમ સુખ બક્ષવા, પરમ શાંતિ બક્ષવા, અંધશ્રધ્ધા તથા વહેમોને દૂર કરવા શ્રીહરિ અવિરત કાર્યરત રહ્યા હતા. સામાજીક દુર્દશામાં ભારત ભરમાં લોકો સબળતા હતા.

શ્રીહરિએ સામાજીક સુધારણાની આહલેક જગાવી હતી. તેઓશ્રી તો સ્વયં ત્યાગ, તપ, અહિંસા અને અનંત ઐશ્વર્યના સ્વામી હતા. પરંતુ તેઓશ્રી તો અનંત ઐશ્વર્યના સ્વામી હતા. પરંતુ તેઓશ્રીની મૃદુવાણી અને સાદગી લોકોને ખૂબ સ્પર્શી જતા. શ્રીહરિના સમયમાં આપણા સમાજમાં પાખંડીઓ તથા મલિન સાધના કરવા વાળા ધર્મના નામે અધર્મ અને પાખંડ ચલાવી કામણ ટુમણ કરી રહ્યા હતા. આવા મલિન સાધકો પોતાની મેલી વિદ્યા દ્વારા દ્રવ્ય ઉપાર્જન કરી રહ્યા હતા. આવા સમાજને કેટલીક રૂઢિ ચૂસ્તતામાંથી, અંધશ્રધ્ધામાંથી છોડાવવો એ સામાન્ય જનનું તો કામજ નહિ. આવું ભગીરથ કાર્ય શ્રીહરિએ સ્વયં સહજ રીતે પૂર્ણ કર્યું.

સમાજમાં એક તરફ સતી પ્રથા તો બીજી તરફ દીકરીને દૂધ પીતી કરવાનો ક્રૂર રિવાજ, તો ત્રીજી તરફ બલિ ચઢાવીને થતા હિંસક યજ્ઞો અને દારૂ, મફર, માજમ, તમાકુ, ગાંજો અને ચલમનું ચલણ આ બધી જ બદ્દીઓથી સમાજ ગંદકીથી ખદબદી રહ્યો હતો. આ પરિસ્થિતિને પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ જો કાબુમાં ન લીધી હોત તો ભારત વર્ષનો ઈતિહાસ વિશેષતઃ અંધાધુંધીથી ભરેલો હોત.

વહેમ અને અંધશ્રધ્ધાને ટાળવા સમાજને સુસંસ્કારી બનાવવા તેઓશ્રીએ પોતાના ઉપબોધમાં એવા સુરૂચિ સભર કે રૂચિકર ખ્યાલો આપ્યા કે જેથી સમાજ આ સુંદર ખ્યાલોને ક્ષણભરમાં જ અનુસરવા લાગ્યો. શ્રીહરિએ લોકોને જણાવ્યું કે આ જગતમાં મનુષ્યને જે સુખ-દુઃખ આવે છે તેમાં મંત્ર તંત્ર કશું જ કરી શકતા નથી. ભગવાનને ભજવાથી દુઃખો કરૂણાનિધાન દૂર કરી શકે છે. ભૂતપ્રેતાદિના ઉપદ્રવ સમયે નારાયણ કવચનો જાપ કરવા, હનુમાનજીના મંત્રનો જાપ કરવા આજ્ઞા આપી. મલિન દેવી-દેવતાની ઉપાસનાથી દૂર રહેવા જ સૂચવ્યું.


સામાજીક સુધારણા અર્થે શ્રીહરિએ સાધુજનોને તૈયાર કર્યા. દરરોજ એકાદ જીવને સત્સંગમાં જોડવો. પરંતુ જો કોઈ દ્વેષીજનો સાધુજનોનો પ્રતિકાર કરે, ગાળો ભાંડે કે પછી માર મારે આવા સમયે સાધુજનોએ પરમ શાંતિ રાખવી અને મારનારને, ગાળો ભાંડનારનો તેમના જેવા થઈને સામનો ન કરવો પરંતુ તેઓનું રૂડું થાય તેવી પ્રાર્થના ભગવાનને કરવી. આનું પરિણામ ખૂબજ સારું આવ્યું. દ્વેષીજનો સાધુ-સંતોની ક્ષમા માગવા આાવવા લાગ્યા અને સાચા સંતો સાચો સંપ્રદાય જાણી પોતાના ગુના માફ કરીને વર્તમાન ધરાવવા સંતો પાસે કરગરવા લાગ્યા. વાસ્તવમાં તો શ્રીજી મહારાજનીતો આ કરૂણા દૃષ્ટિનો જ પ્રતાપ હતો. શ્રીહરિએ રાય, રંક અને ઊંચ નીચના ભેદો પણ ટાળ્યા. શ્રીહરિ અત્યંજો પ્રત્યે રખાતી ભિન્નતા, ઉપેક્ષા વૃત્તિને સ્વીકારતા નહોતા. અત્યંજોને પણ તેમણે યોગ્ય સ્થાન આપેલું છે. આમ આપણા સંપ્રદાયમાં અનેક જાતિ અને જ્ઞાતિના લોકો સત્સંગી બનવા પામ્યા છે અને આપણને સૌને ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની છત્ર છાયા હેઠળ સુરક્ષિતતા પ્રાપ્ત થઈ છે

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી (પર્વ ૨)

- કનુભાઇ જાની (ઇસરો અમદાવાદ)

ગઢડામાં દાદાખાચરના દરબારમાં થાળ જમીને મહારાજ અક્ષર ઓરડીમાં પોઢવા પધાર્યા છે. માત્ર મૂળજી બ્રહ્મચારી ચમ્મર ઢોળતા બેઠા છે. કપાળમાં તિલકની જેમ બે આંગળીઓ રાખી મહારાજ યોગનિંદ્રામાં સરવાની તૈયારીમાં છે. ત્યાં બહાર કોઈનો પગરવ સંભળાયો. મૂળજી બ્રહ્મચારીને થયું કે 'મહારાજને લોકો બે ઘડી પોઢવા પણ નહિ દે !'

બારણે હળવેથી ટકોરા પડ્યા. મહારાજે ઈશારો કર્યો. મૂળજી બ્રહ્મચારીએ ઊભા થઈ બારણું ખોલ્યું તો સામે બ્રહ્માનંદ સ્વામી ! મહારાજ બ્રહ્મમુનિને જોઈ ઢોલીયામાં બેઠા થયા. બ્રહ્માનંદ સ્વામી સાષ્ટાંગ પ્રણામ કરી મહારાજના ચરણો પાસે બેઠા. સામાન્ય રીતે બ્રહ્મમુનિની હાજરી હોય ત્યાં વાતાવરણ જીવંત જ હોય પછી તે સભા હોય કે અક્ષર ઓરડી હોય. પણ આજે..... બ્રહ્મમુનિ નીંચુ જોઈને બેઠા છે. મહારાજ પણ ચૂપ છે. સામે બ્રહ્મચારી પણ ચૂપ બેઠા છે. વાતાવરણ નિરવ છે. માત્ર શ્વાસોશ્વાસ સંભળાય એવી શાંતિ છે. બ્રહ્માનંદ સ્વામીની આંખમાંથી આંસૂઓની ધારા વહેતી જાય છે. મહારાજના ચરણ પર આંસુ પડ્યા. મહારાજ ચમક્યા. અલબેલાએ બ્રહ્માનંદ સ્વામીના માથે હાથ પસવારવા માંડ્યો. સ્પર્શમાં મા ની મમતા હતી.



બ્રહ્માનંદ સ્વામી મહારાજના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. બધા બંધ છૂટી ગયા. અલબેલો શાંત ચિત્તે બ્રહ્મમુનિને હાથથી પસવારતા હતા. મૂળજી બ્રહ્મચારી તો સ્તબ્ધ હતા કે 'બ્રહ્માનંદ સ્વામી એટલે રૂંવેરૂંવે વિરતાનું પ્રતિક ! એમનો ત્યાગ, વૈરાગ્ય, વાણી, કીર્તન બધામાં માત્ર વિરતા- ક્યાંય મોળી વાત નહીં..... તો આજે સ્વામીને થયું છે શું ?'

મહારાજ તો અંતર્યામી, બ્રહ્માનંદ સ્વામીને શાંત થવા દીધા. પછી મનુષ્ય લીલા આદરી-જાણે કંઈ જાણતા નથી. મરમાળે પૂછ્યું - "સ્વામી ! તમે તો સંતોના આદર્શ ! તમને શું થયું ?"

- તોયં બ્રહ્મમુનિ શાંત.

"ભરી સભામાં અમે તમારા જામીન થયા છીએ કે તમને મા ની ખોટ નહીં પડવા દઈએ બોલો....."

"શું બોલે ? બ્રહ્માનંદ સ્વામીના જવાબમાં થોડો આક્રોશ હતો પણ એમાં ભક્તિ હતી, પ્રેમ હતો." બોલવા તો દેતા નથી."

"અમે કંઈ સમજ્યા નહીં" મરમાળો માવો પણ ક્યાં માનવ ભાવ છોડે તેવા હતા ?" .

"બધું સમજો છો. સર્વાવાતરી છો. છતાંય અમારે મોઢે બોલાવરાવો છો.... ક્યાં સુધી..... ક્યાં સુધી અમારે તમને છાના રાખવાના ? દયાળુ, સર્વાવતારી, સર્વોપરી અમારી સાથે હોય તોય અમારે પરોક્ષના કીર્તન ગાવાનાં ? "બ્રહ્મમુનિની આંખમાંથી હજીય આંસૂની ધારા અવિરત વહે છે." આના કરતાં તો..... કીર્તન બંધ કરવાની આજ્ઞા આપો....."

"સ્વામી ! આપણે તો અનંત જીવોના કલ્યાણ કરવાને માટે તો અક્ષરધામથી સહુ સાથે આવ્યા છીએ. જેમ ઘણા જીવોને સમાસ થાય, તેમનું કલ્યાણ થાય તેમ ગાવું. કીર્તનો પરોક્ષભાવનાં હોય તો પણ પરોક્ષભાવ નહીં લાવતાં પ્રત્યક્ષભાવ લાવવો. કોઈ મુમુક્ષુ-સુપાત્ર હોય તો તેને યથાર્થ સમજાવવું. જેને જેમ પચે તેમ વાત કરવી."

"..... પણ મહારાજ પ્રત્યક્ષની વાતો અમે ખૂલ્લંમખૂલ્લા ક્યારે કરી શકીશું ?"

"બ્રહ્મચારીને આજ્ઞા કરી," બ્રહ્મમુનિને વિંઝણો ઢોળો. એમનો આવેગ શમે. મારૂં યથાર્થ સ્વરૂપ એ સમજ્યા છે અને એમનો વેગ તો જૂઓ ?....." આટલું બોલતા બોલતાં તો શ્રીજી મહારાજ પરાભાવમાં આવી ગયા અને બોલ્યાઃ "બ્રહ્માનંદ સ્વામી ! તમારાં રચેલા એકસો કીર્તનો જો કોઈ દરરોજ ગાશે તો તેનું હું પ્રત્યક્ષ દર્શન આપીશ !"

બ્રહ્માનંદ સ્વામી તો કરૂણાસાગરની કરૂણામાં ગળાડૂબ બની ગયા તો મૂળજી બ્રહ્મચારી તો મહારાજના આ નવલા સ્વરૂપને અને બ્રહ્માનંદ સ્વામીની સમજણને મનોમન વંદી રહ્યા.

બ્રહ્માનંદ સ્વામીની શ્રીજી મહારાજની ઓળખ કંઈ જેવી તેવી નહોતી.

એહિ મચ્છ, એહિ કચ્છ, એહિ સૂકર તનું ધાર્યો
એહિ બને નરસિંહ, દુષ્ટ હરનાકંસ માર્યો.
એહિ વામન વપુકીન, લીન પદ તીન ભુવત્રય,
એહિ ફરશીધર રામ એહી રઘુપત કિય જય જય.
એહિ કૃષ્ણ, બુદ્ધ, નિકળંક એહિ, તેહી ભેટત ભવભ્રમ ટલે
કિતનેક રૂપ 'લાડૂ' કહે, 'સો યહ સહજાનંદ મિલે.'

આટલી સર્વોપરિ સમજણ ! અને તે પણ લાડૂદાનજી જેવા મહાવિદ્વાનમાં ! પણ આ ઓળખ નવી ક્યાં હતી ? મહારાજ અક્ષરધામમાંથી જે મુક્તો સાથે લાવેલા તેમાંના એક હતા - બ્રહ્માનંદ સ્વામી ! ગર્ભમાં હતા ત્યારથી જ રામાનંદ સ્વામીને પ્રગટનો મહિમા ગાવાનું કહેનાર અક્ષરમુક્ત જ હોય !

મહારાજે ભક્તોનાં વિવિધ પ્રકારનાં અંગોની વાત જુદાં જુદાં વચનામૃતોમાં



કરી છે.

પ્ર. ૩૩ - મૂઢપણું, પ્રીતિ અને સમજણ.
પ્ર. ૪૭ - ભાગવતધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા.
લો. ૨- વિશ્વાસ, જ્ઞાન, શૂરવીરતા અને પ્રીતિ.
મ. ૬૨ - દાસત્વ, પતિવ્રતા અને આત્મનિષ્ઠા.
અં. ૧- જ્ઞાન અને હેત.
અં. ૧૪, ૧૫- નવધા ભક્તિ અંતર્ગત નવ પ્રકારનાં અંગો.

આપણે બ્રહ્માનંદ સ્વામીના જીવનકવન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. વાત જરા આડાપાટે ચડી ગઈ. પણ જ્યારે સત્સંગમાં કોઈ સંતની તથા મુમુક્ષુની તથા પરમભક્તોની વાત કરવી હોય તો મહારાજે નિરૂપેલા ભક્તોનાં લક્ષણો જાણવાં આવશ્યક છે. એ વિના નિષ્ઠા આવે જ નહિ.

લાડુદાનજી દેવજ્ઞાતિ ચારણ જાતિમાં જન્મ્યા. મા-બાપના ભક્તિના સંસ્કાર. રામાનંદ સ્વામીનો સત્સંગ પછી પૂછવું જ શું ? બાળક લાડુદાનજીએ બાળપણથી જ માતા-પિતા, સગાસંબંધીઓ અને ખાણ તેમજ આજુબાજુના ગામોને પોતાની દિવ્યશક્તિનો ભાસ કરાવ્યો. ચારણબાળ ઉપર જન્મથી જ સરસ્વતી પ્રસન્ન હોય છે. વગર અભ્યાસે જ લાડુદાનજી નાનપણથી જ પોતાની બુદ્ધિ ચાતુરીથી સાખીઓ દોહા, છંદો, જોડકણાં રચીને બધાંને આશ્ચર્યમાં મૂકી દેતા !

મુક્ત પુરુષોનાં જીવન બીજા જીવોથી પહેલેથી જ જૂદા તરી આવે છે. જે પ્રયોજન માટે એમણે જન્મ ધર્યો હોય તેની તૈયારીરૂપે પૂર્વભૂમિકા પણ ભગવાન પોતે જ યોજી આપે છે. લાડુદાનની તીવ્ર બુદ્ધિ અને વાક્‌ચાતુરીથી પ્રભાવિત થયેલ શિરોહીના રાજવીએ રાજ્ય તરફથી પિંગળ વિ. કાવ્યશાસ્ત્રોના અભ્યાસ માટે કચ્છ-ભૂજમાં ત્યાંના મહારાવની દેખભાળ નીચે લાડુદાનના અભ્યાસ માટે પ્રબંધ થયો.

લાડુદાનજીની વાત કરીએ એ પહેલાં ચારણજ્ઞાતિનો અછડતો પરિચય. જેઓને ચારણોની પીછાણ નથી તેવા કહેવાતા વિચારકો - સમાજશાસ્ત્રીઓ ચારણોને ગૌણ જ્ઞાતિમાં ઊતારી પાડે છે. પણ આ તદ્‌ન ખોટું છે. હિંદુશાસ્ત્રો તો ચારણોને દેવકોટીના ગણે છે. આનું

સૌથી મોટું પ્રમાણ તો આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને ચારણ જ્ઞાતિને 'દેવ' માની આપ્યું છે. ભક્ત ચિંતામણીમાં શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ જ્યાં જ્યાં ચારણ જ્ઞાતિનો ઉલ્લેખ છે - ત્યાં 'દેવજાતિ' શબ્દ વાપર્યો છે.

આપણે જ્ઞાતિના પિષ્ટપીંજણમાં પડવું નથી. બ્રહ્માનંદ સ્વામી જેવા નંદ સંત જન્મ્યા તે જ્ઞાતિ જ નહીં પણ તે ગામ, તે પ્રદેશ મહાન-પુણ્યશાળી જ હોય !

ખાણ ગામમાંથી મહામૂલુ રતન પાક્યું-લાડુદાનજી સં. ૧૮૨૮ મહાસુદી પાંચમ એટલે કે વસંત પંચમી એ લાડુદાનજીનો પ્રાગટ્યદિન. જેના આગમનથી ઘરમાં જ નહિ, ગામડામાં જ નહીં મલક આખામાં મંગળ વાતાવરણ છવાઈ જાય તે દૈવી પુરુષ ! લાડુદાનજીનો જન્મ આખા પ્રદેશ માટે મંગળમય બની રહ્યો અને કેમ ના બને ? એમના સ્વમુખે સર્વાવવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો મહિમા જગત જાણવાનું હતું અને ત્યાગીઓમાં ઉદાહરણીય ત્યાગી સાબિત થવાના હતા.

હોનહાર બિરવાન કે હોત ચિકને પાત. લાડુદાનજીએ બાળવયમાં અનેક ચમત્કારો બતાવ્યાં.

શંભુદાનજીના ઘરમાં ક્યારેય રસોઈ ખૂટતી નહીં. આ વાત ધીમે ધીમે ગામમાં પ્રસરી. આજુબાજુના ગામોમાં પણ વાયરે વાત પહોંચી. લોકો આ વાતની ખાતરી કરવા શંભુદાનજીના ઘેર અણધાર્યા આવવા માંડ્યા. ઘરમાં દશ-બાર માણસોની જ રસોઈ થઈ હોય છતાં દોઢસો-બસો માણસ જમતાં પણ રસોઈ ખૂટતી નહી. બધા લોકો આને 'લાડુદાનજી'નો પ્રતાપ ગણવા લાગ્યા. અરે ! લોકો તો હવે જ્યારે પોતાના ઘેર કોઈ માંગલિક પ્રસંગ આવે તો લાડુદાનજીને પોતાના ઘરે તેડી જતા અને એમના પ્રસંગે સાંજ સુધી ગમે તેટલું માણસ જમી જાય તોય રસોઈ ખૂટતી નહીં. સહુ કહેતા કે લાડુદાનજીના હાથમાં પદ્મનું ચિહ્ન છે ! તો કોઈ કહેતા કે એમના જમણા પગમાં ઊર્ધ્વરેખા છે ! કોઈ એમને અવતારી કહેતા તો કોઈ સિદ્ધપુરુષ કહેતા.

આ વાતની પુષ્ટિ છે - સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીની મૂળી મંદિરની પાટ. મૂળી મંદિરમાં સ્વામીએ સૂવા બેસવા માટે ચાર પૈડાવાળી નાના કઠેડાવાળી પાટ બનાવડાવેલી. જેના પર તે બેસતા-સૂતા. આ પાટ એ એમનું આસન. સ્વામીના સ્વધામગમન પછી તે પાટ સંતોએ ભંડારમાં મૂકેલી. તેના પર રાંધેલા અનાજના વાસણો મૂકાતા. આજ સુધી તે વાસણાંથી અનાજ ખૂટ્યું હોય તેવું ક્યારેય બન્યું નથી. એક વખતે તો ભૂજથી લગભગ સો માણસનો સંઘ મૂળી આવ્યો અને તે પણ સાંજે ચાર વાગ્યે આખા સંઘને એ પાટ પરના વાસણોમાંથી જમાડ્યા છતાંય રસોઈ ખૂટી નહીં !

જયનાથ નિરંજન, ભવદુઃખ ભંજન,
જનમન રંજન, જગ ત્રાતા,
જયકામ નિકંદન વર સુર વંદન, ધર્મ
સુનંદન દૌભ્રાતા,
જય મહિતલ મંડન, ખલબલ ખંડન,
વિષય વિખંડન વનવાશી,
જય સહાસક સંતન, કાલ નિકંતન,
આદ ન અંતન અવિનાશી !

આવા અભૂતપૂર્વ ભાષાકર્મ નો કર્મી ક્યારે થવાય ? એના માટે તો જગન્નિયંતાની કૃપા પ્રસાદી જોઈએ ! એટલે જ બ્રહ્માનંદ સ્વામી એક જ છે. બીજી બ્રહ્માનંદ સ્વામી પકવવા તો ઈશ્વરે ફરીથી અવતાર લેવો પડે પણ એ માટે બ્રહ્માનંદ સ્વામી બનવું પડે - મૈં ઢાઢી મહારાજ કો ..... ગાતાં સહેજ પણ નાનપ ના રહે તે જ બ્રહ્માનંદમાં ડૂબકીઓ મારે. (ક્રમશઃ)

"અં. ૧૭ ..... માટે અનંત પ્રકારના પાપ છે પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાંકરિયાનાં આંગણે

શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ પ્રતિષ્ઠા મહોત્સવ, દિવ્ય ચોર્યાસી ઉત્સવ તથા બાલસ્વરૂપ શ્રી કષ્ટભંજનદેવનો વાર્ષિક પાટોત્સવ ફાગણ સુદ પાંચમ તા. ૪-૩-૨૦૦૬ને શનિવારનાં રોજ અતિ ધામધુમથી ઉજવાશે. સર્વે હરિભક્તોએ દિવ્ય દર્શનનો અચૂક લાભ લેવો.

- મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાંકરિયા

વાણી ને પાણી ગાળીને વાપરવુ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

"प्रिय वाक्य प्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।"

અર્થાત્ - પ્રિય વાણી બોલવાથી સર્વ સંતુષ્ટ થાય છે. અપ્રિય વાણી બોલવાથી મનુષ્ય પોતાની મહત્તા ઘટાડે છે. માટે વાણી એ જ મનુષ્યનું સાચું ભૂષણ છે, વાણી ઉપરથી માણસની પરીક્ષા થાય છે.

"शुभंवाच्यं शुभंवाच्यं नाशुभं
कदाचन ।"

અર્થાત્ - શુભ બોલવું, શુભ બોલવું પણ કોઈનું અશુભ થાય એવું તો ક્યારેય પણ ન બોલવું.

આપણી આ નાની સરખી જીભમાં લક્ષ્મી પણ છે, ઝેર પણ છે અને વશીકરણ વિદ્યાનો વાસ પણ છે.

"जिह्वाग्रे बन्धनं प्राप्तं जिह्वाग्रे मरणं
ध्रुवम् ।"

એટલે કે બંધન અને મરણ પણ જીભમાં જ રહ્યું છે.

"જો થાય મીઠી જીભ, તો સર્વ કાર્ય
થાય સિદ્ધ.
જીભમાં રાખે જો ઝેર, તો આખા
મુલકથી થાય વેર."

જીભમાં ભલે હાડકાં નથી અને તે અતિ કોમળ છે પણ બીજાનાં હાડકાં ખોખરા કરી નાખવાને શક્તિશાળી છે. ઈશ્વરે ભલે જીભને નિયમમાં રાખવા. બત્રીસ દાંતનો કલાત્મક કિલ્લો બાંધ્યો છે, પરંતુ પોતાના માલિકનાં પણ હાડકાં ખોખરાં કરી નખાવવાને આ લૂલી (જીભ) શક્તિમાન છે.

પ્રિય વાણી એ અલૌકિક શક્તિ છે, કિંમતી ધન છે, માટે વાણી વિચારીને વાપરો.

"શબ્દ સરીખા ધન નહિ, જો કોઈ જાને બોલ,
હીરા તો દામે મિલે, શબ્દ ન આવે મોલ."

મુખમાંથી સરી પડેલા શબ્દોની કિંમત કરાવવી હોય તો શબ્દોને સમજી વિચારીને બોલવા જોઈએ. બોલેલા શબ્દો સામી વ્યક્તિને પ્રિય લાગવા જોઈએ. શબ્દ એ મુખરૂપી ખાણમાંથી નીકળતા કાચા હીરા સમાન છે. માટે શબ્દને વિવેકની સરાણે ચડાવીને ઉચ્ચારવો જોઈએ. જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રિય વાણી, નિર્મળતા, મીઠાશ અને પ્રસન્નતા જરૂરી છે.

વાણીની કર્કશતા કે કઠોરતાને લીધે જીવનમાં નિષ્ફળતા સાંપડે છે. શબ્દને આપણે નરી આંખે જોઈ શકતા નથી, તેમજ પકડી પણ શકતા નથી, તેથી તેનો ઘા પણ અદૃશ્ય હોય છે. અને તીક્ષ્ણ તલવારના ઘા કરતા એ વધુ લાગે છે. વળી શસ્ત્રનો ઘા વહેલો મોડો રૂઝાય પણ ખરો, પરંતુ શબ્દનો ઘા રૂઝાવો અતિ દુષ્કર છે.

"वचनेषु किम् दरिद्रता ।" આ સોનેરી સૂત્ર સ્વીકારનાર વ્યક્તિ સમાજમાં વ્યવહાર કાર્ય કુશળ અને પરમ પ્રેમાસ્પદ ગણાય છે. પરંતુ સ્વાર્થ સારુ મુખને પ્રસન્ન રાખવું અને મીઠું મીઠું બોલવું એ તો જનતાને છેતરવા જેવું છે. "मधुतिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ।" એવું વર્તન કે વાણી ન હોવી જોઈએ.

જેમ સફળતાના મૂળમાં વાણીની મીઠાશ છે, તેમ નિષ્ફળતાના મૂળમાં વાણીની કર્કશતા છે કઠોરતા છે. લોકહૃદયને જીતવા માટે શબ્દોમાં સહાનુભૂતિની સુવાસ જોઈએ. પ્રેમનો પરાગ જોઈએ. આવી પ્રેમમય વાણી વિશુદ્ધ મનમાંથી જ પ્રગટે.

"જેવું મનમાં તેવું વચનમાં" મનમાં જે ભાવ રમતો હોય તે જ વાણીરૂપે પ્રગટ થાય છે. શબ્દોને જો સાત્વિક અને શક્તિશાળી બનાવવા હોય તો મનને શુદ્ધ કરવું જોઈએ. જેનું મન શુદ્ધ તેની વાણી શુદ્ધ.

માટે કહ્યું છે કે, "સો ગળણે ગાળીને શબ્દ કાઢવો અને સાત ગળણે ગાળીને પાણી પીવું." મુખમાંથી શબ્દ કાઢતાં પહેલાં ખૂબ વિચાર કરવો જોઈએ. સો વાર વિચાર કરીને શબ્દ બોલવો, જે શબ્દ બોલીએ તે તોળી તોળીને બોલીએ, કારણ કે, "આપણે જે શબ્દો બોલ્યા નથી તેના આપણે માલિક છીએ અને એ બોલ્યા પછી આપણે એના દાસ બનવું પડે છે."

(અનુસંધાન પાના નં. ૧૪ ઉપર)

સત્સંગ સૂરભિ :

તેનાથી અમારે છેટું નથી

– એ. પોથીવાલા (અમદાવાદ)

ગુજરાતમાં જ્યાં જ્યાં શ્રીજી મહારાજ પધાર્યા ત્યાં ઘણી જગ્યાએ તે જ ભૂલ થઈ. તેથી મહારાજની સુંદર છત્રીઓ બાંધી છે અને ઓટા ઊભા કર્યા છે. ગુજરાતના સ્થાપત્યની આ એક લાક્ષણિકતા છે. તલાવની પાળે, વૃક્ષની હેઠળ, ચોગાનની પડખે કે મંદિરની પાસે આવાં ઘણાં સ્મૃતિ ચિન્હો રાખ્યાં છે, જ્યાં શ્રીજી મહારાજે સભા કરેલી, લોકોના હૃદયમાં ધર્મશ્રધ્ધા જગાડી એમને જીતી લીધેલાં. એવા પવિત્ર સ્થળેથી પસાર થઈએ ત્યારે સર્વોપરિ મહારાજનું અનાયાસે સ્મરણ થઈ જાય છે.

ગઢપુરમાં મહારાજ જ્યાં સભા કરતા ત્યાં હાલ લીમડાનું ઝાડ છે. તે ફરતો હાલ ઓટો કરેલો છે. એકવાર મહારાજ સભા કરીને બિરાજમાન હતા. સભામાં બેઠેલા હરિભક્તોમાં વીરદાસ પટેલ પણ હતા. એમની ભક્તિ ચોખ્ખી. ધૂન, કીર્તન થઈ રહ્યાં તેવામાં પટેલનો કોઈ સાથી પૂછવા આવ્યો, 'ભાભા, આજે ક્યે ખેતરે હળ લઈ જવાનું છે, તે કહો.'

પટેલને થયું કે કામ છોડીને હું અહીં સભામાં આવ્યો, તો પણ કામ સભામાં બેઠો છું તો પણ જવાબ દેવો પડશે. કેમ કે જો કામને ટાળીશ તો એ મોટું થઈને મને જ વળગશે.

ધર્મની સભા વચ્ચે જગતના ભાવ અને જગતના વ્યવહાર આડે આવે એ વીરદાસને ગમતું નહિ, પરંતુ સભામાં આવતાં પહેલાં કામની ચોકસાઈ કરવાનું ભૂલી ગયેલા તેનો પસ્તાવો ખંખેરી એમણે કહ્યું, "લીમડીવાળો બહેં વીંધાનો પાંતો છે તેમાં હળ લઈ જજો."

ખેડૂત તો ચાલવા માંડ્યો. પણ વળી પટેલને યાદ આવ્યું કે ખરું જે કહેવાનું હતું તે તો રહી ગયું. એટલે સાથીને પાછા બોલાવી કહ્યું, "જો જો, ખેતરમાં બૂડઠૂંઠા છે, તેનો ખ્યાલ રાખજો. નહિતર બળદનું કાંધ આવી જશે.

વીરદાસ પટેલે શાંતિથી સમજ પાડી અને ખેડૂતને વિદાય કરી મહારાજ સામે હાથ જોડી કહ્યું ! 'મહારાજ ક્ષમા કરજો. મારે લીધે સભામાં વિક્ષેપ પડ્યો.'

પણ મહારાજ તો ચકોર હતા. ખેડૂત સાથે પટેલે જે વાત કરેલી તે સાંભળી ગયા હતા. તેથી કશું માઠું પણ નહોતું લગાડ્યું. વ્યવહાર તો જાળવવા જોઈએ એમ એમણે જ કહ્યું હતું. પરંતુ ચાલતી વાતમાંથી વ્યવહાર નોખો પાડી એમાં અધ્યાત્મ વાત જોડી દેવી એ તો શ્રીહરિની અનોખી રીત હતી. લોકોને દૃષ્ટાંત પણ મળે અને જ્ઞાન સહજ રીતે પચી પણ જાય એવું સરળ બને પછી એનો ભાર ન લાગે. મહારાજની સભાની આ જ તો લાક્ષણિકતા હતી !

મહારાજે પટેલને પૂછ્યું : "પટેલ ખેતરમાં બૂડઠૂંઠાં છે તેની તમને શી ખબર પડે ?"

મહારાજ ! જ્યાં જ્યાં બૂડઠૂંઠાં હોય ત્યાં અમે ઢેફાંની દેરડીઓ કરીએ, અને સાંતીની નજીક આવે ત્યારે કળિયું ઊંચુ લઈએ, નહિતર બળદની કાંધ આવી જાય ને કામ ખોટી થાય." પટેલે સમજ પાડી.

મહારાજ મંદ મંદ હસ્યા. સભાને સંબોધી ને કહ્યું : "આ પટેલને બહેં વીંધાના ખેતરમાં રહેલાં બૂડઠૂંઠાની ખબર છે. એનું જ નામ તે માલિક. અને આપણે સૌને જે પાંચ તસુનું ખેતર છે તેમાં ક્યાં ક્યાં બૂડઠૂંઠાં છે તેની કેટલાને ખબર છે ?"

ત્યારે પ્રકાશાનંદસ્વામીને સંશય થયો. કહે મહારાજ ! આપણું ખેતર પાંચ તસુનું ક્યાં છે ? કાયા તો પૂરા પાંચ હાથની છે. એમાં કોઈ રોગ પેસે અને બહાર દેખા દે ત્યારે ખબર પડે કે વિકાર થયો છે, તે વિના તો ન જણાય."

મહારાજ બોલ્યા : "પાંચ તસુનું ખેતર તે આપણું અંતઃકરણ છે. લોહીને જે ફરતું રાખે છે તે તો ચરખો છે. અમે એની વાત નથી કરી. આધ્યાત્મિક હૃદય તો જુદું છે. પેલો ચરખો ફરે તેમાં કામ-ક્રોધ નહિ વરતાય પણ અંતઃકરણનું ધ્યાન રાખે તો તો દેખાશે કે અંદર તો વેરી ભરાયા છે. એમની ભાળ કાઢવી જોઈએ અને ચોકી પહેરો રાખીને ચોરને કાઢવા જોઈએ. કોઠી પાછળ સાપ ભરાયો હોય તો તેને દેખ્યા પછી ત્યાં રહેવા ન દેવાય. એને સાણસામાં ઝાલીને ઘડામાં ઉતારી વગડે છોડી આવવો પડે. એમ કામ ક્રોધાદિક બૂડઠૂંઠાંની ખબર નથી. એવું માનીને જીવાય નહિ. ખેડૂતો રાંપડીથી જેમ ખેતર સ્વચ્છ અને સરખું કરે તેમ આપણું અંતઃકરણ ચોખ્ખું ને પવિત્ર રાખવું જોઈએ. આ માટે નિત્ય પૂજાપાઠની રાંપડી ફેરવીને પેલાં કૂડકપટનાં બૂડઠૂંઠા ભાંગી નાંખવા જોઈએ.

દરમ્યાન સભામાં રાણી કુશળકુંવરબાઈ એ માણસ મોકલેલા, તેમના તરફ હાથ લાંબો કરી મહારાજે કહ્યું, "અમારે માટે તમે શેની કોથળી આણી છે ? લાવો !"

આ એક આશ્ચર્ય હતું. દૂર દૂરથી સભામાં માણસો આવે કોઈ મનસૂબા લાવે અને કોઈ ચીજ વસ્તુ લાવે. એની મહારાજને ખબર હોય. પેલાને સભા ક્ષોભ થતો હોય તે મહારાજ સમજી જાય એટલે વહાલથી નામ દઈને એમને બોલાવે અને સ્નેહથી આણેલી વસ્તુ સામે ચાલીને માંગે. ખેડૂતો હાથે વણેલી જગન્નાથી લાવે, ઘીનો ઘડો લાવે. દહીંની ગોરસી લાવે, જીવણ ભગત જેવાં ગરીબ પરંતુ ભક્તિમાં તવંગર એવા હરિભક્ત મઠના રોટલાનો થાળ લાવે. સભા વચ્ચે ધરાવતાં સંકોચ પામે પણ મહારાજ તો એ વસ્તુનું નામ દઈને માંગે, એનો સ્વીકાર કરે ને રાજીપો બતાવે. પોતાના પ્રેમી જે ભક્તજન એને લાડ લડાવવા સારું તો અનંતકોટિ બ્રહ્માંડનો અધિપતિ આજ સોંઘો બનીને પૃથ્વી ઉપર વિચરી રહ્યો હતો.

કુશળકુંવરબા એ પોતાના હાથે નવી ડાંગરનો દાણેદાણો હાથે ફોલીને ચોખાની કોથળી મોકલી હતી. મહારાજને અર્પણ કરવા સારું. એમાંથી મહારાજે મૂઠી ભરી સ્પર્શ કરીને પાછા કોથળીમાં મૂક્યા. સૌને વાત કરી કે, "આમનું રાણીપણું છે તે જેવું રાજપાટનું છે તેવું જ ભાવભક્તિનું પણ છે. એમને ત્યાં મહેલમાં નોકર ચાકરની કશી ખોટ નથી. પરંતુ અમારા ઉપર હેતભાવ એવો કે ડાંગરનો દાણેદાણો પોતાના હાથે ફોલ્યો છે. અમારા સત્સંગી ભાઈઓ અને બાઈઓ આવો હેતભાવ રાખે છે. તેનાં તો જે વખાણ કરીએ તે ઓછાં છે.' વળી આગળ કહ્યું : "આ ડાંગર હતી ત્યાં સુધી તો કામની નહોતી પણ એનાં થોથાં ઊડી ગયાં એટલે 'ચોખા' થયાં. એમ આપણે પણ ચોખ્ખા થઈ જવું. સાર ગ્રહણ કરી લેવો. "ચોખ્ખા" થયા તેથી એ 'ચોખા' કહેવાયા. અને બાઈએ ભક્તિથી, કાળજીથી ફોલ્યા અણીશુદ્ધ કર્યા તો એનું સત્વ જળવાયું. તેમ તમે સૌ ચોખ્ખા રહેશો તો લોકો તમારો વિશ્વાસ કરશે, સત્સંગ રૂડો દેખાશે અને ભગવાન રાજી રહેશે. આ ચોખાની જેમ જે હરિજન અણીશુદ્ધ રહેશે તેના પાંચ તસુમાં અમારો સમાસ થશે."

સભા પૂરી થતાં કેટલાક હરિભક્તો મહારાજની વિદાય લેવા આવ્યાં. દંડવત્ કરીને બોલ્યા : "મહારાજ ! અમારા ઉપર દયા રાખજો. એ સૌને મહારાજ હેતથી મળ્યા, આશીર્વાદ દીધા, પ્રસાદ આપ્યો અને વિદાય દેતી વખતે બોલ્યા : તમે પણ અમારી ઉપર દયા કરજો !

હરિભક્તો પાદર સુધી પહોંચ્યા ત્યારે એક જણે સૌને ઊભા રાખી પૂછ્યું : 'મહારાજે એમ કહ્યું કે તમે પણ અમારી ઉપર દયા રાખજો એ શું ? એ સમજાયું નહિ. એનો મર્મ શો ?' સૌ ખમચીને ઊભા રહ્યા.

બધાએ કહ્યું 'અમને પણ નથી સમજાયું. ચાલો પાછા જઈને એમને જ પૂછીએ.'

મહારાજ હજી ત્યાં જ બેઠા હતા. કથાવાર્તા કરતા હતા. એ બધાને પાછા આવેલા જોઈને મહારાજે એમને પાસે બોલાવ્યા અને કારણ પૂછ્યું. પેલા હરિભક્તોએ એમની મૂંઝવણ કહી

એટલે મહારાજે એ પ્રકરણ આગળ ચલાવ્યું.

'તમે જે સામે ઊભા છો તે કોણ છે ? આ હાથ છે, આ પગ છે ને આ નેત્ર છે. પણ તે તમે નથી. તમારાં ઘર છે. પરિવાર છે. નામ છે, મિલકત છે - એ પણ તમે નથી. કોઈને ૩૦ થયાં અને કોઈને ૬૦ થયાં પણ તે તો તમારા શરીરને થયાં. તમારામાં પંચપ્રાણ છે પણ તે તમે નથી. ત્યારે તમે કોણ છો ? શિવાભાઈ કે કેશવજી કે પૂંજાજી એ બધાં નામનો તો નાશ થવાનો જ છે.'

'જે તમે છો તે તમારું અંતઃકરણ છે. અને એ જ તમારી ખરી પૂંજી છે. એ જેવું રહેશે તેવા તમે થશો. અમારે રહેવાનું સ્થાન એ છે. પણ જો એમાં તમે જગતરૂપી ગોટા વાળશો તો પછી અમે જઈશું ક્યાં ?'

તેથી જ તમને કહ્યું કે અમારી ઉપર દયા રાખજો અને અમારું રહેવાનું જે સ્થાન તેને ભ્રષ્ટ ના કરશો, પવિત્ર રાખજો. જેને ચારેય અંતઃકરણ પવિત્ર કર્યા હશે તેનાથી અમારે છેટું નથી, દૂર હશો તો પણ અમારી સમીપમાં જ રહેશો.

વિદાયનો વિધિ ફરી થયો. આ વખતે આખી સભા ઊભી થઈને મહારાજને પગે લાગી સૌ વિદાય થયા.

પહેલા તો હૃદયમાંથી બૂડથૂંઠાં કાઢવાનું કહ્યું. પછી ફોતરાં કાઢી નાખીને સારગ્રહણ કરવાનું અને અણીશુદ્ધ થવાનું કહ્યું અને છેલ્લે અંતઃકરણને પવિત્ર રાખીને એમાં નિત્ય ભગવાનની સ્થાપના પૂજા કરવાનું કહ્યું.

સૌને 'અહોહો' થઈ ગયું.

'તેનાથી અમારે છેટું નથી ભરોંસાનો આ બોલ સૌના અંતઃકરણમાં ઘંટારવની જેમ ગૂંજી રહ્યો.

પેલી છત્રીઓ અને ઓટા આજે પણ ઊભા છે. ત્યાં થઈને પસાર થતા હોઈએ ત્યારે મહારાજની વાણી ગૂંજારવ કરી ઊઠે છે કે હૃદયને પવિત્ર રાખશો તો અમે તમારી સમીપમાં જ છીએ ! આજે પણ મહારાજનું સામીપ્ય એ છત્રીની છત્રછાયામાં જવાથી અનુભવી શકાય છે.

●

વાણી ને પાણી .....(અનુસંધાન પાના નં. ૧૧ નું ચાલુ)

શાસ્ત્રમાં કહ્યું છે કે, "सत्य पूतं वदेत् वाक्यम् ।" અર્થાત્ - સત્યથી પવિત્ર કરીને વચન બોલવું જોઈએ. જે વાત ન જાણતા હોઈએ એ વાતમાં મૌન રહેવું. વાત સત્ય હોય તો પણ તેને મધુરતાથી કહેવી જોઈએ. વાત એવી રીતે કરવી જોઈએ કે પ્રસન્નતાની ફોરમ પ્રસરતી રહે. વિચારો ટૂંકાણમાં મુદ્દાસર રજૂ કરવા જોઈએ.

એક વ્યક્તિ વાત કરતી હોય તો તેની વાત બીજાએ અડધેથી કાપી નાખવી ન જોઈએ. "બેની વાતોમાં ત્રીજાએ ઝટ વિચાર ન આલવો." આ સૂત્ર હૃદયમાં કોતરી રાખવું.

વાત કરવી એ જીભના વ્યાપાર કરતાં મગજનો વ્યાપાર બનવો જોઈએ. 'અતિની નહિ ગતિ.' અતિ વાતોડિયાપણું પણ નિષ્ફળતાને નોતરે છે. બોલવું ઘણું સહેલું છે, પરંતુ મૌન રહેવું અતિ મુશ્કેલી છે. સો વાતની એક વાત જે બોલીએ તે વિચારીને બોલીએ. સત્ય સાથે મધુર બોલીએ. વધુ પડતું ન બોલીએ. આ જ સફળતાનો રાજમાર્ગ છે.

નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી પાટોત્સવ

તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટને દશ વર્ષ પુરા થતા હોવાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી દશાબ્દી પાટોત્સવ, વિદુર નિતી કથા-પારાયણ, મહાપૂજા આદિ કાર્યક્રમ તા. ૧૫-૨-૦૬ થી તા. ૧૯-૨-૦૬ પર્યન્ત ધામધુમથી સંપન્ન થશે. સૌ ભક્તજનોએ દર્શનનો અચૂક લાભ લેવો.

સંપર્ક

મહંત સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર

નારાયણઘાટ, અમદાવાદ

ફોન : (૦૭૯) ૨૫૬૨૫૯૧૮.

જેવી ભગવાનની ઈચ્છા

- દિલીપ વાગડકર (યુ.એસ.એ.)

જેવી ભગવાનની ઈચ્છા..... આ વાક્ય વાંચતા થાય કે વાત તો સાચી છે. કારણ કે ઘણી વખત ભગવાનને નહિ માનનારા પણ જ્યારે બહુ કષ્ટમાં આવી જાય અને કોઈ રસ્તો ના જડે ત્યારે તે પણ એમજ કે જેવી ભગવાનની ઈચ્છા. જ્યારે ધર્મપ્રેમી તો માને જ કે આ બધું ભગવાનની ઈચ્છાથી થાય છે. તેવા એક ધર્મપ્રેમી વજીરની આ વાત છે. વજીર ના હોય તો રાજાને રાજયનો કારભાર ચલાવવામાં તકલીફ પડે તે આપણે સૌ જાણીએ છીએ.

એક દિવસ રાજા અને વજીર બંને જણા બેઠા હતા અને રાજાને શું સૂઝ્યુ કે તેમણે વજીરને કહ્યું કે ચાલો આપણે શિકાર કરવા જઈએ. વજીરે, સંમતિ દર્શાવી. રાજા અને વજીર શિકાર કરવા નીકળ્યા. જંગલમાં ગયા ત્યાં શિકાર કર્યા પછી થોડીવાર પોરો ખાવા બેઠા અને બેઠા પછી રાજા પોતાની તલવારને પાછી મ્યાનમાં મૂકવા જતા હતા ત્યાં અચાનક આંગળી વચમાં આવી જતા આંગળી કપાઈ ગઈ. રાજાને વેદના થવા લાગી. વજીરે તેની પર પાટાપીંડી કરી ને બેસાડ્યા અને પછી હિંમત આપતા કહ્યું કે મહારાજ હિંમત રાખો ભગવાન સારું કરી દેશે. જેમ ભગવાનની ઈચ્છા હોય તેમ થાય છે. એક તો રાજાને દુઃખાવો થતો હતો તેમાં વજીર આવી સલાહ આપવા બેઠો જેથી રાજા ગુસ્સે થઈ ગયા અને કહેવા લાગ્યા કે તલવાર મ્યાનમાં મૂકવા જતા આંગળી કપાઈ ગઈ એમા તારા ભગવાનની ઈચ્છા ક્યાંથી થઈ ? વજીરને રાજાની ના સમજ વાત પર હસવું આવી ગયું, અને પછી તો ખલાસ રાજાને ખૂબ ગુસ્સો આવ્યો અને ગુસ્સામાં અને ગુસ્સામાં જ વજીરને કહ્યું કે આજથી તમને વજીરનાં પદ ઉપરથી બરતરફ કરું છું. તમારી મારે કોઈ જરૂર નથી. આ સાંભળી વજીર બોલ્યો મહારાજ મારી ભૂલ માટે માફી માગું છું. અને હું અહીંથી ચાલ્યો જાઉં છું. જેવી ભગવાનની ઈચ્છા. આ સાંભળી રાજા બોલ્યા તને નોકરીમાંથી મેં કાઢ્યો છે અને હું ધારુ તો તને પાછો રાખી શકું છું એમા ભગવાનની ઈચ્છા ક્યાં આવે ? વજીર કાંઈ બોલ્યા વિના ત્યાંથી ઉઠીને નીકળી ગયા.

હવે આ તરફ રાજાને વિચાર આવ્યો કે જો હું શિકાર કરવા નહિ જાઉં તો બધા વિચારશે કે રાજા વજીર વગર શિકાર કરવા નથી જઈ શકતા. માટે હું એકલો પણ જઈશ. બીજા દિવસે સવારે શિકાર કરવા નીકળ્યા ત્યાં જંગલમાં ઉંધા રસ્તે ચડી ગયા, કારણ કે વજીરને બધા રસ્તા ખબર હોય. રાજા તો ગાઢ જંગલમાં અંદરને અંદર જતા ગયા ત્યાં આગળ એક આદિવાસી જંગલીઓનાં ટોળાએ રાજાને ઘેરી લીધા. અને તેમને પકડીને તેમના સરદાર પાસે લઈ ગયા. સરદારે હુકમ કર્યો કે આને તૈયાર કરી ને યજ્ઞ પાસે બેસાડો. આપણે એક પૂર્ણ નરની આહુતિ આપીને યજ્ઞની પૂર્ણાહુતિ કરવાની છે. બધી તૈયારી થઈ ગઈ. રાજાને તૈયાર કરીને બેસાડ્યા. આદિવાસીના પુરોહિત આવ્યા અને રાજાની પૂજા કરવા લાગ્યા. હવે તો રાજાને પણ ખાત્રી થઈ ગઈ કે હું હવે થોડા સમયનો મહેમાન છું. પુરોહિત પૂજા કરતા હતા ત્યાં તેમની નજર આંગળી પર બાંધેલા પાટા ઉપર પડી તેમણે પાટો ખોલીને જોયું તો આંગળી કપાયેલી હતી. પુરોહિતે સરદારને કહ્યું કે આ તો ખંડિત નર છે. માટે આની આહુતિ ના અપાય. આદિવાસીઓએ રાજાને છોડી મૂક્યા. રાજા પોતાના મહેલ ઉપર પાછા આવ્યા. મનમાં અને મનમાં ભગવાનનો ખૂબ પાડ માન્યો. અને મહેલમાં જઈને તેમણે વજીરને મહેલમાં બોલાવ્યા અને બધી વાત કરી. વજીર કહે મહારાજ જે કાંઈ થાય

(અનુસંધાન પાના નં.૨૦ ઉપર)

સાચી મિત્રતા

- હિતેશકુમાર ધનજીભાઈ પોકાર (ઘડાણી-કચ્છ)

આપત્તિમાં અનુરાગ દાખવે તે
આપ્તજન,
મુશીબતમાં મદદગાર બને તે મિત્ર.

એક ગામમાં બે મિત્રો રહે, લાભશંકર અને શામજી. આ બન્ને વચ્ચે ગાઢ મૈત્રી. લાભશંકર બ્રાહ્મણ પુત્ર અને શામજી ખેડૂતનો દીકરો, સંજોગોવશાત શામજી વધુ ભણી ન શક્યો. જ્યારે લાભશંકર શહેરમાં વધુ ભણવા ગયો. શામજી પિતાને ખેતીમાં મદદ કરતો રહ્યો.

આમ બન્નેને અલગ થવું પડ્યું, પરંતુ અંતરની દોસ્તી અતુટ રહી. બન્ને પરસ્પર ને યાદ કરે અને પોતાની ફરજો બજાવે.

લાભશંકરે શહેરમાં મેટ્રીકની પરીક્ષા પસાર કરી. ત્યાં ગામમાં તેના પિતાની તબિયત અચાનક કથળી અને વધુ લથડતી આવી ! જોત જોતામાં લાભશંકરના પિતા અક્ષરનિવાસી થયા.... તેના પર હવે ઘરની જવાબદારી આવી પડી.

શામજીએ લાભશંકરને કહ્યું - "મિત્ર ! નસીબની બલિહારી સ્વીકારવી રહી. પણ હિમ્મત રાખ અને તું પાછો શહેરમાં જઈને અભ્યાસ આગળ ચાલુ રાખ. તારી માની સંભાળ હું રાખીશ.... તુ ચિંતા મારા પર છોડી દે.

અને મા ની જવાબદારી શામજીને સોંપીને લાભશંકર શહેરમાં ગયો. ત્યાં તેણે પોતાનું શિક્ષણ આગળ વધાર્યું. અને આ તરફ શામજી ખેતી-કામ કરે છે, સાથે મિત્ર લાભશંકરની માતાની સારસંભાળ સેવા ચાકરી દીકરાની માફક જ કરે છે.

લાભશંકર આગળ ભણી મોટો ઓફિસર બને છે. સારો પગાર, ઘર અને વૈભવ મળે છે. લાભશંકરે શામજીને પોતાની સાથે શહેરમાં રહેવાનો આગ્રહ કર્યો. પરંતુ શામજી કહે - "મને મારી ખેતી સાચવવા દે. અને તારી માની સેવામાં મને સ્વર્ગની શાંતિ મળે છે ?"

આમ લાભશંકર શહેરમાં અને શામજી ગામમાં, તેમાં એકાએક શામજીના પિતાનું અવસાન થયું. કાળ કપરો આવ્યો ! લાભશંકરને ખબર પડતાં તે તરત ગામડે આવ્યો. પોતાની મા અને શામજીને સમજાવીને તે શહેરમાં લાવ્યો અને તેઓ સાથે જ રહેવા લાગ્યાં. લાભ શંકરે શામજીને યોગ્ય નોકરી અપાવી.

પણ શામજીએ જાત ઘસીને પરિશ્રમ કરેલો, જેથી શહેરનું વાતાવરણ અનુકુળ ન આવવાથી તેને રોગ લાગુ પડ્યો. બીમારી વધતી ગઈ. ડોકટરોએ કહ્યું, કીડની ફેઈલ છે... કોઈ પોતાની કીડનીનું દાન કરે તો જ શામજી ને બચાવી શકાય !"

મિત્ર ઋણ અદા કરવાનો આ મોકો હતો. લાભશંકરે પોતાની કીડનીનું દાન કર્યું. શામજીની જિંદગી બચી ગઈ. મૈત્રી મહેકી ઉઠી.

શેરી મિત્ર સો મળે,
તાળી મિત્ર અનેક,
આપત્તિએ ઉભો રહે,
હજારોમાંથી એક.

સાચી મૈત્રી એ આનું નામ. પરસ્પરના પૂરક બનીને જીવે એજ ખરા મિત્ર.

માટે વ્હાલા સત્સંગી મિત્રો ! આપણે સૌ પણ એકબીજા સત્સંગીના ઉપયોગમાં આવીશું તો સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ આપણા પર ખૂબજ રાજી અને પ્રસન્ન થશે. આપણા વિસ્તાર કે ગામ-શહેરમાં આપણું શ્રી નરનારાયણદેવ ગાદીનું મંદિર ન હોય તો સત્સંગીઓએ સમૂહમાં ભેગા મળીને ઘર સભા યોજવાનું જો આયોજન કરીશું તો અરસ-પરસ વધુ નજીક આવીશું. આ સુંદર વિચારને અમલમાં મૂકવા જેવો છે. જેથી શ્રીજી મહારાજ અને પ.પૂ. મહારાજશ્રી બહુ જ રાજી થશે.

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ભરી સભામાં ભગવાન 'મા' બન્યા

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

જનકરાજાને રાજ્યની જવાબદારી નિભાવવા છતાં એનું બંધન નહોતું. અંદર પાશ ન હોતો. હું રાજા છું એવું અભિમાન નહોતું. આ વાત બહુ કઠણ છે. શુકદેવજીને શંકા થયેલી એનું સમાધાન એવી રીતે કર્યું કે, જમવા બેસાર્યા અને થાળીમાં વિવિધ વાનગીઓ પીરસી, અને ઉપર એક શીલા લટકાડી. શીલા એટલે પથ્થર. સડી ગયેલા નાનકડા પાતળા દોરડામાં અને વળી સડી ગયેલું દોરડું ને પથ્થર વજન વાળો. તે કડાકા, અવાજ આવ્યા કરે. અમૂક દોરડાના રેસા તૂટતા હોય એવો અવાજ આવે. શુકદેવજીને થયું કે, આ રીતે જો આ પથ્થર માથે પડશે તો ભોજન તો ભોજનની જગ્યાએ, આ તો આખો હું દબાઈ જઈશ. ચિત્ત સતત પથ્થરમાં રહ્યું કે, આ પડશે, હમણાં પડશે, હમણાં પડશે, હમણાં પડશે.. જમવા ખાતર જમી ગયા. અહિંયા આવ્યા છીએ ને આમંત્રણ છે એટલે અંદર કોળીયા ઉતારી દીધા.

હસતા હસતા મહારાજ જનક પૂછે છે કે બ્રહ્મન ! મારૂં ભોજન અનુકૂળ આવ્યું ? અનુકૂળની ક્યાં વાત કરો છો? તમે પીરસ્યું ને ઝટપટ જમી લીધું. કેમ ? અહીં તો શાંતિ છે. ના, ના, ઉપર હડાકા બોલે છે પેલા દોરડામાં અને કદાચ હેઠી પડે શીલા તો !! બ્રહ્મન ! એ સ્થિતિમાં હું કાયમ રહું છું. જેમ તમને ભોજનનો એકેય સ્વાદ ના આવ્યો એમ આ રાજ્યનો, સત્તાનો, અધિકારનો મને કોઈજ સ્વાદ નથી. એટલે કે કોઈ બંધન નથી. હું આ રાજ્ય કરવા ખાતર કરું છું. એમાં હું રાજા છું, આ બધાનું હું પાલન કરું છું, આ બધાનું હું રક્ષણ કરું છું..... એ અંદર છે જ નહીં. કારણ કે મને દેખાય છે કે, ક્યારે મૃત્યુ આવીને ત્રાટકશે અને દબાવી દેશે એનો કોઈ વિશ્વાસ નથી. એટલે મારૂં મન સતત પરમાત્મામાં રહે છે.

એવો બીજો દાખલો બ્રહ્માનંદ સ્વામીનો છે. વડતાલનું મંદિર કેટલું ભવ્ય લાગે છે ! એ કાંઈ હમણાં પચીસ વરસ પહેલાં બનાવ્યું નથી. એ પોણાબસો વરસ પહેલાં બ્રહ્માનંદ સ્વામીએ બનાવેલું. એ વખતે નહોતી ટ્રકો, નહોતા વાહનો, નહોતી ટ્રેનો, નહોતા કોઈ યાંત્રિક સાધનો. માનવ દ્વારા અને માનવ શક્તિથી આવું ભવ્ય મંદિર બનાવનાર બ્રહ્માનંદ સ્વામી. આવું કોઈ સ્થળ બનાવે એને અંદરથી કેટલો મોહ હોય છે કે, આ મેં બંધાવ્યું, માંડ એક-બે પથરા ઉભા કરે એમાં પોતાનું નામ લખાવે. તમે વિશાળ કરોડોનો પૂલ કે પ્રોજેકટ જોજો. એના એક છેડે કોઈનું નામ લખ્યું હશે. આનું ઉદ્‌ઘાટન અમૂકે કર્યું છે. એક પથ્થર પણ ઉપાડ્યો ન હોય, સાત પેઢીના સમ, એક ઈંટ ઉપાડી ન હોય છતાં પથ્થર લગાવે કે, આ ઉદ્‌ઘાટન ફલાણા ફલાણા એ કર્યું છે. આનું નામ જ મહા મોહ ! સામાન્ય મોહ ન કહેવાય. કેટલા મજૂરો, કેટલા કડિયા, કેટલા એન્જિનિયરો, કેટલા કારીગરો - એણે મહેનત કરી હોય પણ નામ બીજો કોઈ ચોટાંડી જાય. એક નાનું સરખું કામ કરાવે તોય એમાંથી મોહ છૂટતો નથી.

ભાલ વિસ્તારમાંથી ગુજરાત તરફ પ્રભુ જ્યારે આવતા હતા ત્યારે કોઈ બાવાજી અજાણ્યા એક વડ નીચે રિબાતા હતા. તાવમાં કણસતા હતા. જોરદાર તાવ આવી ગયેલો. એ વખતે માપવાના સાધન નહીં. નહીં તો જરૂર ચાર-પાંચ ડીગ્રી હોય એવો તાવ હશેજ. સ્વામિનારાયણ ભગવાન સાથે એક સંત હતા જે વૈદ્ય હતા ભજનાનંદજી. પ્રભુએ કહ્યું, સ્વામીજી આ બાવાજીને દવા આપો. ઔષધ આપ્યું જેથી થોડી રાહત જેવું લાગ્યું. પ્રભુ ઉભા રહ્યા. મહારાજનો સ્વભાવ

હતો - "અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખી હારી રે, વારી બહુનામી નો, કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય દયા આણી રે, અતિ આકળા થાય....." પોતાનો પ્રવાસ અટકાવીને પણ આ મહાત્માજીને દવા આપી. રાહત જેવું લાગ્યું તેથી બીજી બે - ચાર પડીકીઓ અપાવી. પણ પછી ભગવાને પૂછયું, બાવાજી ! ગામ તો બે ગાઉ દૂર છે. ગામની આજુબાજુમાં કોઈ રામજી મંદિર કે મહાદેવજીનું મંદિર ત્યાં રહેતાં હો તો. ગામના કોઈ ભાવિક તમારી ખબર તો રાખે. એટલે પેલા બાવાજી કહે છે. તમારી વાત સાચી છે. આ ગામના માણસો બહુ ભાવિક છે. એતો મને કાયમના આગ્રહ કરે છે કે રામજી મંદિરમાં આવો, સુખેથી વસો. અમે તમારી સાર-સંભાળ લઈશું. ચાકરી કરીશું. પણ હું ત્યાં જઈ શકતો નથી. કારણ કે "યે બેટા મેને બોયા હૈ". આજથી પચીસ વરસ-ત્રીસ વરસ પહેલાં આ વડ મેં વાવ્યો છે. હવે આ વડને છોડીને હું ક્યાં જાઉં ? બોલો ! હવે વડનું ઝાડ એમણે વાવ્યું હશે એ છુટી શકતું નથી. આને કહેવાય બદ્ધ અવસ્થા.

બ્રહ્માનંદસ્વામીએ આવું અદ્‌ભૂત મંદિર બનાવ્યું છે. ભવ્ય, અદ્‌ભૂત મંદિર, માણસ જોઈ રહે ! જોતાની સાથે છાપ પડે આવું મંદિર !!! અને સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી કે બ્રહ્માનંદ સ્વામી ! હા મહારાજ ! તમે આ મંદિરના કામમાં રોકાયાને તો નવા કીર્તનો રચવાની ગતિવિધિ બધી બંધ થઈ ગઈ છે. ચાલો અમારી સાથે. સારું મહારાજ ! - જ્યાં સભામાં સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી એટલે બ્રહ્માનંદ સ્વામીએ એમના શિષ્યને કહ્યું, સાધુ ! જા આસનેથી મારી પૂજાને મારૂં ખેસીયું ને, મારૂં ધોતીયું લઈ આવ. ત્યાં આસનેય ન ગયા. એમના શિષ્ય પૂજાને ધોતીયું લઈ આવ્યા અને ત્યાંથી ને ત્યાંથી...

"ભરી સભામાં ભૂધરજી તમે માડી થયા છો મારી રે....." ભરી સભામાં જેમ બાપ દીકરાને બોલાવે એમ તમે બોલાવ્યો. ખુશ થઈને મહારાજ સાથે ચાલી નીકળ્યા. એમ ન કહ્યું કે, મારે હજુ હિસાબ-કિતાબ બાકી છે.

મિત્રો ! વાંચ્યું ને ! જગત અને મહાપુરુષોમાં કેટલો તફાવત હોય છે. ભગવાનના પ્રતાપી બ્રહ્માનંદ સ્વામી આવું મહાન કાર્ય કરવા છતાં નિર્લેપ રહ્યા અને જેના ઉપર ઈષ્ટદેવની કૃપા ન હોય તે એક વૃક્ષ વાવે એમાં પણ બંધાઈ જાય. યાદ રાખજો તમે જીંદગીમાં ગમે તેટલા મોટા બનો, ગમે તેટલા મહાન કાર્યો તમારા હાથે થાય છતાં ભગવાનની કૃપાને સ્મરણમાં રાખશો તો દૂન્યવી હોદ્દાનો કે મહાન કાર્યોનો પાશ તમને નહીં લાગે. આપણે સાવધાન રહેવાનું છે. કારણ કે બ્રહ્માનંદ સ્વામી જે રાહે ચાલ્યા એ રાહના આપણે મુસાફર છીએ. આ વખતની વાર્તા થોડી અધરી છે ને ? માટે સાવધાન થઈને યાદ રાખજો. ભગવાન આપણા મા-બાપ છે. જરૂર આપણી રક્ષા કરશે જ. બ્રહ્માનંદ સ્વામીએ એટલે જ શબ્દો ઉચ્ચાર્યા છે કે -

"ભરી સભામાં ભૂધરજી તમે માડી થયા છો મારી રે"

●

વિશ્વાસી તરી જાય

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક પંડિતજી ખૂબ જ સારી કથા કરતા. ભાગવત વાંચતા. વાંચવાની ઢબ કંઈ જુદી. શ્રોતાઓને એવી અનુભૂતિ થતી કે જાણે કથા પ્રમાણે બધું બની જ રહ્યું છે. એવી સુંદર કથા કરે. બધાને ખૂબ આનંદ આવે, એનું કારણ એ હતું કે આ કથાકાર કથાને વર્તમાન કાળમાં પ્રસંગો બની રહ્યા હોય એ ભાવમાં આવીને કહેતા.

એક દિવસ આ કથાકાર ભાગવત દશમ સ્કંધની કથાનું શ્રોતાઓને શ્રવણ કરાવતા હતા. ત્યાં બે ચોર આ સભા ખંડમાં આવી પહોંચ્યા. જીંદગીમાં ક્યારેય પણ ભગવાન આગળ માથું નમાવ્યું ન હતું. ચોરી કરવી એજ જેનો મુખ્ય ધંધો હતો. ચોરી કરાવના ઈરાદે આ સભામાં આવીને બેઠા. કથા ચાલુ હતી. કથામાં શ્રીકૃષ્ણ - બળદેવની વાત કથાકાર સૌને સંભળાવી રહ્યા હતા, કે "શ્રીકૃષ્ણ-બળદેવજી ગાયો ચરાવવા જાય છે.

બન્ને એ સુંદર સોનાનો મયુર મુગટ ધારણ કર્યો છે. અને કાનમાં સુંદર ભારે નંગવાળા સોનાના કુંડળ પહેર્યા છે. તથા સોનાનો સુંદર મહામૂલો હાર કંઠમાં ધારણ કર્યો છે. બાંયે સોનાના બાજુ બંધ બાંધ્યા છે. હાથમાં સોનાના કડા પહેર્યા છે. પગમાં સુંદર સોનાના ઝાંઝર છે. હીરા, માણેક, રત્નના સુંદર દાગીનાથી શોભતા શ્રીકૃષ્ણ પ્રભુ-બળદેવજી આખો દિવસ ગાયો ચરાવીને સાંજે ઘેર આવે છે.

આ બન્ને ચોરને એમ થયું કે બે બાળકો દાગીના પહેરીને ગાયો ચરાવે છે. શું વાત છે ! જો આટલા બધા દાગીના મારા હાથમાં આવી જાય તો તો આખી જીંદગી ચોરી કરવાની જરૂર ન પડે. જ્યાં કથા પૂર્ણ થઈ બધા શ્રોતાઓ પંડિતજીની પોથી ઉપર યથાશક્તિ ફળ-વસ્ત્ર- દક્ષિણા મૂકી અને ચાલતા થયા. આ પંડિતજી પણ પોથી બાંધી દક્ષિણા તથા ફળ-વસ્ત્ર સાથે લઈને પોતાના ઉતારા તરફ ચાલતા થયા. ત્યાં અધવચ્ચે આ બે ચોરે પંડિતજીને પકડ્યા. પંડિતજી ગભરાયા. ઓય બાપ મને છોડી દો. ચોર કહે, અમારે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી. પણ એક વાત અમને કહો. પંડિતજી કહે બોલો બોલો બધી વાત કહું, પૂછો તો ખરા. ત્યારે ચોર કહે છે તમે કથામાં જે વાત કરી એ શ્રીકૃષ્ણ અને બળદેવજીનું સરનામું આપો. પંડિતજી કહે છે વૃંદાવનમાં ! વૃંદાવન ક્યાં આવ્યું ? મથુરાની બાજુમાં ! બન્ને ચોર મથુરા જવા તૈયાર થઈ ગયા. અમદાવાદથી રેલ્વેમાં મથુરા જવા બેઠા. મનમાં સતત શ્રીકૃષ્ણ-બળદેવજી, શ્રીકૃષ્ણ-બળદેવજી થયા કરે છે ! કાનમાં કુંડળ, હાથમાં કડા, બાજુબંધ સોનાના દાગીના પહેરેલા હોય તેવા ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરતા મથુરા પહોંચી ગયા ! મથુરામાં પૂછવા લાગ્યા કે ભાઈ વૃંદાવન ક્યાં આવ્યું ? કોઈએ વૃંદાવનનો રસ્તો બતાવ્યો. શોધતા શોધતા વૃંદાવનના જંગલમાંથી ગામ તરફ આવતા રસ્તા પર એક વૃક્ષ ઉપર બને ચોર સંતાઈને બેસી ગયા. મનમાં સતત સ્મરણ થવા લાગ્યું. વૃંદાવનની પવિત્ર ભૂમિ અને એમાં ભગવાનનું અખંડ ચિંતવન કે હમણાં આવશે અને લૂંટી લઈએ ! આખી રાત ભગવાનના સ્વરૂપનું સ્મરણ થયા કર્યું. ઊંઘી પણ ન શક્યા ! બીજા દિવસે યમુનાના ધરા પાસે કોઈ માણસને ફરી પૂછયું શ્રીકૃષ્ણ-બળદેવજી અહીં જ ગાયો ચરાવતા હતા ? ત્યારે આ માણસે હા પાડી, ચોરને થયું કાલે ગાયો ચરાવવા નહીં ગયા હોય પણ આજે તો જરૂર જશે અને આપણે લૂંટી લઈશું. બીજા દિવસે આજ જગ્યા પર બન્ને ચોર સંતાઈને બેસી ગયા. અખંડ એ જ રટણ. સાંજ પડી અંધારૂ થવા લાગ્યું. બંને ચોર સાવધાન થઈને બેઠા છે. આ બધું પરાક્રમ પરમાત્મા અંતર્યામી રૂપે જાણતા હતા. જેથી શ્રીકૃષ્ણ ભગવાન બળદેવજીને કહે છે મોટાભાઈ ચાલો હવે ફરીથી ગાયો ચરાવવા ધરતી પર ! આ ચોર રાહ જોઈને બેઠા છે કે હમણાં આવશે ! અને શ્રીકૃષ્ણ ભગવાન સાથે બળદેવજી દિવ્ય સ્વરૂપે ગાયોને સાથે લઈને આવ્યા ! ગાયો ચરાવવા લાગ્યા ! બંને ચોરોએ દૂરથી જોયું ને મનમાં થયું કે હવે આવતા હોય તેવું લાગે છે. સાવધાન થઈ ગયા ! હવે જ્યાં ભગવાન નજીક આવ્યા કે તરત જ પકડી લે છે ! ભગવાન પણ જાણે ગભરાઈ ગયા હોય એમ ચરિત્ર કરતા કહે છે. અરે કોણ છો તમે ? અમને છોડી દો. અને ચોરે બધા દાગીના ઉતારી લીધા. એક ગાઠડીમાં બાંધીને પોતાના ગામ તરફ ચાલતા થયા. ગામમાં આવ્યા ત્યારે વિચાર આવ્યો કે ચાલો પંડિતજીને થોડી દક્ષિણા દેતા જઈએ. એમનાથી તો આપણું કામ થયું છે. અડધી રાતે દરવાજો ખખડાવ્યો. પંડિતજી ગભરાયા ! અત્યારે વળી કોણ આવ્યું હશે ! અને જ્યાં દરવાજો ખોલ્યો ત્યાંજ પેલા બન્ને ચોર કે જેને વૃન્દાવનનું સરનામું બતાવેલું ! ધક્કો પડ્યો હશે એટલે હવે આપણું આવી બન્યુ સમજો. પણ ચોર તો ખુશ હતા, કહી દીધું અમારું કામ તમે કર્યું માટે દક્ષિણા દેવા આવ્યા છીએ. અને પેલા દાગીના માંથી એકાદ પંડિતજીને આપ્યો. અને

કહ્યું ક્યાંય બોલતા નહિ. પંડિતજીને નવાઈ લાગી. આ કેવી રીતે બને ! પાંચ હજાર વરસ જુની વાત પણ આજે કેવી રીતે સત્ય બની !

મિત્રો ! રહસ્ય અહીં જ છે. પંડિતજી જેને જુની વાત માનતા હતા. અને આ બધું તો હજારો વર્ષ પહેલાં બની ગયેલું છે એમ માનતા હતા. જ્યારે આ ચોરે એ વર્તમાન સમયની સાચી વાત જ માની તો કામ થઈ ગયું. ભગવાનનાં દિવ્ય દર્શન થયાં અને દાગીના મળ્યા તેથી તેમની બુદ્ધિ સુધરી ગઈ અને ચોરીનો ધંધો છોડી દીધો. અને સારું કાર્ય કરવા લાગ્યા. મહેનત કરીને કમાવા લાગ્યા. અને ભગવાનનું ભજન કરવા લાગ્યા.

આંજે આપણે પણ આ વાત ઉપરથી એ સમજવાનું છે કે સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પધરાવેલ શ્રીનરનારાયણદેવ આદિક સ્વરૂપો એમાં સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ બિરાજે છે. એવા પ્રભુનાં જ વચનો છે. એને સત્ય માની અને ભગવાનનાં દર્શન કરીશું તો ભગવાન હાજરા હજુર છે. જો સાચી ભાવના હશે તો જરૂરથી શુભ સંકલ્પો પરિપૂર્ણ કરશે.

(અનુસંધાન પાના નં.૧૫ નું ચાલુ) **"જેવી ભગવાનની ઈચ્છા....."**

તેમા ભગવાનની ઈચ્છા સમજવી તેમ મારું માનવું છે. જો તમારી આંગળી ના કપાઈ હોત તો યજ્ઞમાં તમારો વધ ચડી જાત ! મહારાજ કહે વજીર તે વાત સાચી પણ મેં તમને નોકરીમાંથી કાઢી મૂક્યા તેમાં ભગવાનની ઈચ્છા ક્યાં આવી ? વજીર કહે મહારાજ તમે જો મને નોકરીમાંથી ના કાઢ્યો હોત તો હું તમારી સાથે જંગલમાં આવત અને આદિવાસીનો સરદાર મને પકડીને મારી આહૂતિ આપી દેત. કારણ કે હું તો પૂર્ણ નર છું માટે મારો બલિ ચડાવી દેત. તેથી જ મેં આપને કહ્યું કે "જેવી ભગવાનની ઈચ્છા....." રાજાને પણ વજીર માટે માન થયું અને વજીરને પાછા નોકરી ઉપર રાખી લીધા.

(સત્સંગ સભામાંથી)

પ્રયાગરાજ મંદિરનું એડ્રેશ અને ફોન

શ્રી નરનારાયણદેવ તાબાના અલ્હાબાદ પ્રયાગરાજમાં આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર અને ધર્મશાળા ઘણા સમયથી કાર્યરત છે. જેનું સરનામું ફોન નીચે મુજબ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર
(પ્રયાગરાજ)
એમ.જી. માર્ગ, મેડીકલ ચૌરાહ, કે.પી. કોલેજ સામે, જાર્જ ટાઉન,
અલ્હાબાદ-૨૧૧ ૦૦૧ (યુ.પી.)
ફોન : (૦૫૩૨) ૩૦૯૯૮૯૯.

જાહેર સૂચના

આથી જાહેર સમાજને જણાવવામાં આવે છે કે સ્વામિનારાયણ મંદિર મૂળીના જોઈન્ટ મહંત પદે સ્વામી નરેન્દ્રપ્રસાદદાસ ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી હતાં. જેઓએ સ્વેચ્છાએ મહંતપદ અને ત્યાગી તરીકેના વસ્ત્રોનો ત્યાગ કર્યો છે અને વિવાદિત ચરાડવાના રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટના લલીત પટેલને પ્રથમ વિમુખ કરેલ છે તેની સાથે મળીને મેળાપિપણા કરીને સંપ્રદાય તથા મંદિરની વિરૂદ્ધ પ્રવૃત્તિ કરે છે. તેથી તેમને મૂળી તથા અમદાવાદના ત્યાગી પંચની ભલામણથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વિમુખ કરેલ છે. તેની સૌ સત્સંગી હરિભક્તોએ નોંધ લેવી.

- મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

??????????????પ્રશ્નપેટી??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ ગઢપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ક્યા-ક્યા દેવ બિરાજે છે ? અને કઈ દિશામાં ક્યા દેવ બિરાજે છે ?

પ્રશ્ન : ૨ શ્રી સ્વામિનારાયણ ભગવાન ગાદીએ બિરાજ્યા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ?

પ્રશ્ન : ૩ ચારેય યુગના વર્ષ વિગતવાર સમજાવો ?

પ્રશ્ન : ૪ સંપ્રદાયમાં ક્યા-ક્યા શાસ્ત્રો માન્ય છે ?

પ્રશ્ન : ૫ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બંધાવેલ જુનાગઢ મંદિરની સાલ અને તિથિ જણાવો ?

પ્રશ્ન : ૬ પ્રલયના પ્રકાર કેટલા છે ? અને ક્યા ક્યા ?

પ્રશ્ન : ૭ ભગવાન શ્રી સ્વામિનારાયણના એકાંતિક ભક્ત વિષ્ણુદાસ ક્યા ગામના હતા ?

જાન્યુઆરી-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) જેતલપુરના ગંગામા.
(૨) શિક્ષાપત્રી શ્લોક ૧૧૪.
(૩) વનીતાનું રૂપ.
(૪) ભટવદર ગામ, યુગલદાસ.
(૫) ગોલીડા ગામ.
(૬) પુલસ્ત્યઋષિ.
(૭) વચનામૃત અંત્ય. પ્રકરણ ૧૮.

૧. મૃદુલાબેન જે. મહેતા (માંડવી - કચ્છ)
૨. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૩. વીણાબેન ભાવસાર (અમદાવાદ)
૪. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૫. અમરશીભાઈ વશરામભાઈ (નવસારી)
૬. કાછડીયા રાધિકા બાબુભાઈ (અડતાળા)
૭. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૮. સાં.યો. કંચનબા તથા કુંદનબેન (મેડા)

નોંધ : પ્રશ્ન પેટીના જવાબો તથા પોતાનું નામ વંચાય તેવી રીતે લખવા વિનંતી. પ્રશ્નપેટીના જવાબો નીચેના સરનામે મોકલવા.
"શ્રી સ્વામિનારાયણ કાર્યાલય" શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરાનો બદલાયેલ ફોન નંબર : ૨૯૨૮૯૨૩૦

।। ભક્તિસુધા ।।

શિક્ષાપત્રીમાં - પતિવ્રતાના ધર્મો

- રીટાબેન રસિકભાઇ ગોળવિયા
(હીરાવાડી-બાપુનગર)

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વહસ્તે લખેલ પોતાની વાણી પોતાના સ્વરૂપ સમાન શિક્ષાપત્રીમાં સ્ત્રીઓના ધર્મો શ્લોક નં. ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૨માં લખેલું છે. ગૃહસ્થાશ્રમીના ધર્મપ્રકરણમાં સ્ત્રી ધર્મ વિભાગમાં ખાસ પતિવ્રતા-સુવાસીનીબાઈઓ માટે દર્શાવેલ છે.

શિક્ષાપત્રી-૧૫૯માં સુવાસીની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ. અમારા આશ્રિત જે સુવાસીની બાઈઓ તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્ર હોય, નપુસંક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુવચન ન બોલવું.

જેનો પતિ વિદ્યમાન હોય તેવી સધવા સ્ત્રીઓના ધર્મમાં આવે છે કે પરણેલી સન્નારીએ ઘરમાં પોતાના પતિ પ્રત્યે ઈશ્વરભાવ રાખીને તેની સેવા કરવી. તેને અનુકૂળ થઈને રહેવું. પતિના સ્વભાવથી વિપરીત વર્તનારી સ્ત્રીને શાસ્ત્રમાં કુલટા સ્ત્રી કહેવામાં આવી છે. પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, ગરીબ હોય કે નપુસંક હોય તો પણ તેને દુર્વચન થી દુભાવવો નહીં. પોતાના પતિને દુભાવે ને દુવાક્યો કહે કે તિરસ્કાર કરે અને અનુકૂળ રહેતી ન હોય તે સ્ત્રી ૭ જન્મ સુધી રાક્ષસીના ભયંકર દુઃખવાળી યોનિને પામે છે.

પતિવ્રતા સ્ત્રીએ પોતાના ઘરમાં જેવી પરિસ્થિતિ હોય તે પ્રમાણેનું આયોજન કરી ઘર ચલાવવું. પુરુષનું કામ કમાણી કરવાનું છે. સ્ત્રીનું કામ ઘર શોભાવવાનું છે. પતિની કમાણીનું ધન વ્યવસ્થિત આયોજન કરી વાપરવું. બાળકો, વડીલો ચાકર વગેરેનું પોષણ કરવું. તેમજ બાળકોમાં સંસ્કાર સિંચન કરવું. સ્ત્રી ઘરની ગૃહલક્ષ્મી છે. તેથી ઘરમાં આ નથી તે નથી તેમ ન બોલવું. પણ વ્યવસ્થિત કહેવું કે અમુક વસ્તુ હવે લાવવી પડશે. નથી શબ્દ ઉચ્ચારવો નહીં.

પતિવ્રતાએ ક્યારેય પણ રસોઈ બનાવી એકલા જમવું નહીં. પતિ બહાર ગયો હોય તો જરૂર રાહ જોવી. ઘરમાં પત્ની એ પતિને અને બાળકોને જમાડી પછી જ જમે કે પતિને પીરસીને જમાવાનું ચાલુ કરે, પછી જ પોતાની થાળીમાં પીરસે તો તે ઘરમાં લક્ષ્મીનો વાસ થાય છે. ઘરમાં આરોગ્ય વસે છે, શાંતિ આવે છે. સુંસસ્કારી બાળકોનો વાસ થાય છે. અને ઘરના બાળકો સદ્‌બુદ્ધિવાળા બને છે.

પતિવ્રતા સ્ત્રીઓએ પોતાનો પતિ ક્રોધી હોય, આળસુ હોય, પ્રમાદી હોય તો પણ એમ વિચારવું પરમાત્માની કૃપા હશે તો મારૂ જીવન સુખમય અને સંતોષમય થશે. એમ સમજી પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો અને પરમાત્માને હમેંશા પ્રાર્થના કરતા રસોઈ બનાવવી. જેથી તે પ્રસાદ સ્વરૂપ અનાજ જમવાથી પતિનો સ્વભાવ સુધરશે. પતિવ્રતા સ્ત્રીએ હંમેશા પોતાના પતિને વફાદાર રહેવું.

શ્રીહરિ પોતાની માતા ભક્તિદેવીને જ્ઞાન આપતા કહે છે કે હે માતા સધવા સ્ત્રીઓએ પોતાની સ્ત્રી જાતીનો ચપળતાનો સ્વભાવ ત્યાગ કરીને સદા પતિવ્રતા ધર્મમાં રહીને પોતાના પતિને દેવ તુલ્ય માનીને સેવા કરવી.

(શિક્ષાપત્રી શ્લોક ૧૬૦) અને તે સુવાસીની સ્ત્રીઓ તેમણે રૂપ અને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવા અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. પોતાના પતિમાં કાંઈ રૂપ ન હોય, કદરૂપો હોય, યૌવન વ્યવસ્થિત ન હોય, એનામાં સારા ગુણ ન હોય અને તે સિવાયના બીજા પુરુષો તેના કરતા અધિક દેખાતા હોય અને તેની સામે દૃષ્ટિ જાય તો પણ ત્યારે વિચાર સુધા પણ ન કરવો કે મારા પતિ કરતા તે પુરુષ કેટલો બુદ્ધિશાળી કેટલો હોંશિયાર છે. કેટલા રૂપ યૌવન વાળો છે. પોતાના પતિમાં જેવી પ્રવિણતા છે, રૂપ છે, તેવું જગતમાં ક્યાંય નથી. પતિના સદ્‌ગુણનું ધ્યાન

રાખીને જ સ્ત્રીએ જીવવું. તેથી સુખી થવાય છે. ને બીજા પુરુષના રૂપ ગુણમાં ખેંચાય તો તે પતિવ્રતા ધર્મમાંથી ભ્રષ્ટ થાય છે. તેથી સહજ સ્વભાવે પર પુરુષનો પ્રસંગ ટાળવો. ઘણી વખત પર પુરુષ કામી દૃષ્ટિએ જોઈને સ્ત્રીઓને લલચાવે છે. ભ્રષ્ટ કરે છે. તેથી પોતાના પતિ સાથે ન હોય ત્યારે કોઈને ઘેર બેસવા પણ ન જવું.

(શિક્ષાપત્રી-૧૬૧) અને પતિવ્રતા એવી સુવાસીની સ્ત્રીઓ તેમણે પોતાની નાભી સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે તેમ ન વર્તવુ અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડા શરીરે ન રહેવું. ભાંડ ભવાઈ જોવા ન જવું અને નિર્લજ એવી સ્ત્રીઓ તથા સ્વૈરીણી તથા કામિની અને પુંશ્ચલી એવી સ્ત્રીઓ સાથે સંગ ન કરવો.

પતિવ્રતા સ્ત્રીઓએ પોતાની નાભી, સાથળ, છાતી ન દેખાય તેવો વ્યવસ્થિત વસ્ત્ર પરિધાન કરવો. અંગો-ઉપાંગો દેખાય તેવા ફીટ ટાઈટ કે ઝીણા અંગ દેખાય તેવા વસ્ત્રો ક્યારેય પણ પહેરવા-ઓઢવા નહીં. આજકાલ મર્યાદા હિન પહેરવેશ વધ્યો છે. વિષય-વિલાસી માણસની વૃતિ ઉશ્કેરાય તેવો પહેરવેશ ન પહેરવો. વળી વસ્ત્ર પરિધાનમાં અવશ્ય મર્યાદા રાખવી. અંગો સારી રીતે ઢંકાય અને મર્યાદા સચવાય તેવો પોષાક પહેરવો. પોષાક મેલો-તેમજ રંગમાં કાળો જે શોક પ્રદર્શિત કરે છે તેવો પોષાક તેમજ ઝીણા ભલમલ વગેરે પોષાક સુખી થવા ઈચ્છતા ગૃહસ્થ નરનારીએ નં પહેરવા. સારા શુભ પ્રસંગમાં સારા સારા વસ્ત્રો પહેરી મંગલ પ્રસંગોએ જતા હોઈએ ત્યારે, ભગવાન સન્મુખ દર્શને જઈએ ત્યારે પણ સુઘડ અને મંગલમય વસ્ત્રો પહેરીને અવશ્ય, જવું. વળી અર્ધ નગ્ન દેખાઈએ તેવા વસ્ત્રો ન પહેરવા. રજોગુણ ઉત્પન કરે તેવા વસ્ત્રોનો ત્યાગ કરવો. સત્વગુણી સાદા વસ્ત્રો પહેરવા.

ક્યારેય પણ ભાંડભવાઈ જોવા ન જવું. ભાંડ ભવાઈમાં પુરુષ સ્ત્રી વેશને ધારી રહી અયોગ્ય ચેનચાળા કરતો હોય છે ને પતિવ્રતાના નિયમને ભંગ કરાવે છે. તેમજ નિર્લજ સ્ત્રીની સોબત-મિત્રતા ક્યારેય ન કરવી. બહુ ખા-ખા કરતી હોય તેવી સ્ત્રીની પણ મિત્રતા ન રાખવી. પતિ સાથે દરરોજ ઝઘડો કરતી તેની સાથે પણ મિત્રતા ન રાખવી. વાતોડીયણ - પતિને બાજુમાં મુકી પોતાની રીતે વર્તતી સ્ત્રી અને કામીની બીજા પુરુષની સામે કામદૃષ્ટિથી જોનારી સ્ત્રીની પણ મિત્રતા ન રાખવી.

જે નારી પોતાના પતિને અનુકુળ હોય, ધર્મમાં પ્રેમવાળી હોય, ભજન ભક્તિમાં રૂચીવાળી હોય, પોતાના બાળકોનું પોષણ વ્યવસ્થિત કરતી હોય, ગમે તેવો પતિ મળ્યો હોય તો પણ ઈશ્વર ઈચ્છાથી મળ્યો છે તેમ માનતી હોય, ઘરને સ્વચ્છ સુઘડ રાખતી હોય અને સદ્‌ગુણી સન્નારી હોય તેની મિત્રતા જરૂરથી રાખવી.

(શિક્ષાપત્રી-૧૬૨) અને તે સુવાસીની સ્ત્રીએ પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવા ને રૂડા વસ્ત્ર ન પહેરવા. પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના આશ્રિત એવા સર્વે સુવાસીની બાઈઓ પ્રત્યે કહે છે કે પોતાનો પતિ પરદેશ જાય, જેટલો સમય ઘરમાં હાજર ન હોય ત્યારે સધવા સ્ત્રીઓએ આભૂષણ ધારવા નહીં. તેમજ સારા સારા વસ્ત્રો પહેરવા નહીં અને કોઈના ઘેર બેસવા જવું નહીં. અંગત સંબંધી-ભાઈ-મામા-દીકરા વગેરે હોય ત્યાં જવામાં વાંધો નથી.

ઉપસંહાર : પોતાના ઘરમાં જેવી પરિસ્થિતિ હોય તેવી રસોઈ બનાવી ઈશ્વરને નૈવેદ્ય ધરાવીને પતિ અને બાળકોને વ્યવસ્થિત જમાડી તૃપ્ત કરી પછીજ એમની સાથે જમવું. નાના બાળકોને મારવા નહીં. બાળકોનું તાડન કરવાથી ઋષિ મહાત્માને મારો તેટલું પાપ લાગે છે. તેવું નિતિ વાક્ય છે. બાળકો પ્રત્યે, ભિખારી પ્રત્યે દયાવાન થવું. આવી સ્ત્રીઓ ઉપર ભગવાનની કૃપા ઉતરે છે. અને ભગવાન ખૂબજ રાજી થાય છે.

પોતાનો પતિ બહારથી આવે ત્યારે સારો વર્તાવ રાખવો. આગળ ભલે ગમે તે વાત બની હોય તે તરત જણાવવી નહીં. પછીથી મુધર વચને બોલાવી પાણી આપી શાંતિથી નવરાશે આગળ બની ગયેલી ઘટનાઓ જણાવવી.

પરણેલી સધવા સ્ત્રીઓએ પોતાના કુટુંબમાં સંપ રહે તેનો ખ્યાલ રાખવો. સંપ હોય તો સંપત્તિ-સંતતિ આવે છે. સદ્‌બુદ્ધિ આવે છે અને સાથે શ્રીહરિ હોય જ છે. કુસંપ હોય તો કંકાશ અને કળિયુગ પ્રવેશ કરે છે. તે ઘર કાયમ નરક સમાન રહે છે. માટે દરેકમાં સંપ રાખવાનું સ્ત્રીનું કામ છે. મછીયાવમાં સાસુ વહુને સંપ નહતો જેથી ખુદ ભગવાને ખૂબ સમજાવ્યા છતા ન માન્યા અને સંતો સાથે રાંધેલી રસોઈ પડતી મુકી ચાલ્યા ગયા. રાજ્ય મહેલો હતા તો પણ કાળના મુખમાં ધકેલાઈ ગયા.

પતિના આયુષ્યની વૃદ્ધિ માટે ક્યારેય પણ પતિનું નામ ન લેવું. પતિના નામવાળો બીજો પુરુષ હોય તો પણ તે નામ ન બોલવું. તેમજ ભાલમાં ચાંદલો અને માથામાં સેંથો અવશ્ય રાખવો. જે પતિવ્રતાની નિશાની છે. તેમજ પતિના આયુષ્યની વૃદ્ધિ કરનાર સૌભાગ્ય ચિન્હ છે.

પોતાના પતિનું વધેલું પ્રસાદરૂપ જમવું-એઠું ક્યારેય પણ ન જમવું. દીન દુઃખીનું અન્નથી પોષણ કરવું. અતિશે ખર્ચ કરવો નહિ. તેમજ રજસ્વલાપણું ગુપ્ત રાખવું નહિ. રજસ્વાલામાં પોતાના પતિને ત્રણ દિવસ સુધી અડવું નહીં. ચોથા દિવસે સ્નાન કરીને પોતાના પતિનું મુખ જોવું. ખાંડણીયો, સાવરણી, સાંબેલું અને ઉંબરા ઉપર ક્યારેય બેસવું નહિ.

પોતાના પતિની ક્યારેય નિંદા કરવી નહી. પતિની નિંદા કરતી સ્ત્રીઓ સાથે સખીભાવ રાખવો નહીં. પતિ કરતા ઉંચા આસને ક્યારેય બેસવું નહીં. પતિને શાંતિથી જવાબ આપવો. ક્રોધ કરીને પતિને જવાબ આપે કે પતિને તિરસ્કારે તો તે સ્ત્રી કુતરી અથવા શિયાળ અથવા ચાંડાલી થાય છે.

પોતાના પતિને છોડી પરપુરુષ સાથે વ્યભિચાર કરે તેવી સ્ત્રી ઘુવડ થાય છે. પતિને છોડી એકલી મિષ્ટાન ખાય તો તેને ભૂંડણનો અવતાર આવે છે. તેમજ વળવાંગડી થઈ ઊંધા મસ્તકે લટકવું પડે છે. પતિને તુકારે બોલાવે તો બીજા જન્મમાં મુંગી થાય છે. વ્યભિચાર આચરનારી સ્ત્રી પોતાના પિતા પોતાની માતા અને પતિના આમ ત્રણ કૂળને ડુબાડે છે. નરકમાં નાંખે છે. સમાજમાં માનહાનિ કરાવે છે.

જેની પુત્રી પતિવ્રતા હોય તેના પિતા અને માતાને ધન્ય છે ને પતિની પત્ની પતિવ્રતા હોય તે પતિ પુણ્યશાળી છે, ભાગ્યશાળી છે, જે પુરુષે સો જન્મનું પુણ્ય સંપાદન કરેલું હોય તેને પતિવ્રતા સ્ત્રી મળે છે.

પતિવ્રતા સ્ત્રીના પુણ્યને લીધે પિતાના વંશના ત્રણ, માતાના વંશના ત્રણ અને પતિના વંશના ત્રણ વંશનાને ભગવાનના ધામનું સુખ મળે છે.

પૃથ્વીમાં જેટલા તીર્થો છે તે પતિવ્રતાના ચરણોમાં છે. પતિવ્રતાને નમસ્કાર કરવાથી પાપીઓના પાપ નષ્ટ થાય છે. તેના ચરણોથી પૃથ્વી પણ પાવન થાય છે. પતિવ્રતા સ્ત્રી કેવળ ધર્મપાળે અને ભક્ત ન હોય તો પણ સતીલોકને પામે છે. પતિવ્રતા સ્ત્રી ધર્મ પાળે અને ભગવાનની ભક્ત હોય તો ભગવાનના ધામને પામે છે.

પતિવ્રતાના પ્રભાવને લીધે યમરાજાને પણ પોતાના પતિનું આયુષ્ય પુરૂ થવા આવ્યું હોય તો પણ ખાલી હાથે પાછું જવું પડ્યું છે. જે પતિવ્રતાના ધર્મનો પ્રભાવ છે. સીતામાતાની જેમ દરેક સ્ત્રીએ પોતાના પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહી સાથે રહી પતિને પરમેશ્વર સમજી સેવા કરે તે સ્ત્રીને અવિનાશી પદની પ્રાપ્તિ થાય છે.

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી લિખિત શ્રી સત્સંગિભૂષણ અને શિક્ષાપત્રી ભાષ્યમાંથી સાભાર)

●

સત્સંગનો ખપ

- રમીલાબેન કે. મોદી
(હિંમતનગર)

ઈશ્વરનું મૂર્તિસ્વરૂપ ચિત્તવૃત્તિઓને સ્થિર કરવાનું સર્વોત્તમ સાધન છે. મૂર્તિ પૂજાના માધ્યમથી આપણી અંદર રહેલા ઈશ્વરના અંતર્યામી સ્વરૂપને સરળતાથી જાણી શકાય છે. જે તે દેવદેવીનું વિધિવત સ્થાપન કરી નિયમિત પૂજન અર્ચન કરવામાં આવે તે સ્થાનને મંદિર કહેવાય. મંદિરના માધ્યમ વિના વિધિવત મૂર્તિપૂજા શક્ય નથી. મંદિર એ આત્મબોધ અને ઈશ્વર પ્રાપ્તિનું શાશ્વત સદાવ્રત છે. મૂર્તિના દર્શનથી સાંત્વના મળે છે. તેથી જ દેવમંદિરે દર્શનાર્થે જવાનું મહાન ફળ બતાવ્યું છે.

મહાભારતકાર મહર્ષિ વેદવ્યાસજી

લખે છે કે દેવ મંદિર કે મહાન સંતપુરુષના દર્શનાર્થે જનારને એક એક ડગલે એક એક રાજસૂય યજ્ઞનું ફળ મળે છે. મંદિરના નિર્માણ કાર્યમાં તન, મન અને ધનથી મદદરૂપ થનાર વ્યક્તિના ભાગ્યનું વર્ણન શેષ શારદા કે મહેશથી પણ થઈ શકતું નથી. કારણ મંદિર એ સત્તકર્મનું કાયમી સદાવ્રત છે. ત્યાં દર્શનાર્થે આવતા અસંખ્ય ભક્તોને જે ફળ પ્રાપ્તિ થાય છે તેના દશાંશ ભાગનું ફળ મંદિરના નિર્માણ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં સહયોગ આપનારને મળે છે.

દેવ મંદિરમાં સેવા કરવાથી તક જીવનમાં દુર્લભ છે. તે અવાર નવાર આવતી નથી. જેના સમુદ્ર પર્યંત રાજ્ય હતાં એવા ચક્રવર્તી રાજાઓએ પણ પ્રભુ કારણે એ સર્વ વૈભવનો ત્યાગ કરી દીધો છે. તેના કરોડમાં ભાગનો ભોગ કે ત્યાગ આપણે પરમેશ્વર માટે નથી આપ્યો. જે પુરુષોની તહેનાતમાં હજારો માણસો પડતા બોલ ઝીલી લેવા માટે તૈયાર રહેતા એવા એવા રાજા મહારાજાઓએ પણ પરમેશ્વરની પ્રાપ્તિ માટે સર્વસ્વનો ભોગ આપ્યો છે. છતાં પણ પ્રગટ પરમાત્મા મળ્યા નથી. એટલું જ નહિ પણ તમે આ પ્રમાણે વર્તો તો આને આ જન્મે કરીને મુક્ત થઈ જશો. એવી ચોખ્ખી કલ્યાણની વાતતો શ્રીજી મહારાજે કૃપા કરીને આપણને કરી છે. આવું મોઢા મોંઢ આત્યંતિક કલ્યાણનો ઉપાય કહેનાર કોઈ પૂર્વાવતાર કે ધર્મપ્રવર્તક ઈતિહાસમાં થયા નથી. એ શ્રીજી મહારાજે આપણા માટે કેટલો મોટો દાખડો કર્યો છે !

સદ્. શતાનંદ મુનિએ તો ભગવાનનું નામ એવું રાખ્યું છે કે "स्वस्वरूपाचल स्थितिः" એ પોતે તો પોતાના સુખમાં જ અચલ સ્થિતિવાળા છે. સ્વસ્વરૂપના સુખથી જ સુખિયા છે. પૂર્ણકામ છે. નિઃસ્પૃહ છે. છતાં ભક્તોના કલ્યાણ માટે એ સ્વીકારે છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૨૦૯માં શ્લોકમાં કહ્યું છે "મારી વાણી તે મારુ સ્વરૂપ છે. એટલે એમણે તો સ્વરૂપ નિષ્ઠાને ધર્મનિષ્ઠાનો સુંદર સમન્વય કર્યો છે. વાણીનો દ્રોહ થાય તો પણ સ્વરૂપનો જ દ્રોહ થયો કહેવાય. એટલે અંતઃકરણ જો અશુદ્ધ હોય તો ભગવાનના સ્વરૂપના ધ્યાનમાં મનની વૃત્તિ ચોટે નહીં એટલે જ્યારે ધ્યાનને વચન એ બે સિદ્ધ ન થયા, પછી કારિયાણીના ૧૨માં વચનામૃતમાં કહ્યાં પ્રમાણે કારણ શરીરની વાસના ક્યાંથી બળે. કારણ શરીરની વાસના બળ્યા વિના છેલ્લો જન્મ થાય નહિ ને અક્ષરધામમાં જવાય નહિ.

જ્ઞાનની સાથે ધ્યાન જોઈએ. તેથી દરેક ભક્તે પાંચ વખત માનસી પૂજા દ્વારા ધ્યાનનો અભ્યાસ રાખવો જોઈએ. અત્યારે તો ભગવાન કૃપા સાધ્ય છે. આપણે સહેજ પણ મહેનત કરીએ એટલે ભગવાન તરત કૃપા કરી દે છે. પણ આ જીવ પોતે જ બહુ આળસુ છે તે ભગવાનના માહાત્મ્યની ખોટી ઓથ લઈને પ્રમાદી બની જાય છે. મહારાજ કહે છે, વાંક તો અંતઃકરણનો એટલો છે કે ગાફલતા રહે છે. ભગવાન મળ્યા છે ને શું કરવું બાકી છે ? એવું હોય તેનું ઠેકાણું ન પડે.

જો ખપ પૂર્વક મહેનત કરી આજ્ઞા પ્રમાણે ધ્યાન, માનસીપૂજા કરવાનો અભ્યાસ કરે તો ભગવાન તો બહું દયાળુ છે. તરત જ તેના ઉપર કૃપા કરે છે. જે ભાષા આપણી માતૃભાષા નથી. જેને પહેલાં કોઈ દિવસે જોઈ નથી. સાંભળી નથી. તેવી ભાષામાં પણ લોકો કેટલી મહેનત ઉઠાવી સાબદા થઈને અભ્યાસ કરવા મંડી પડે છે ! કારણ ખપ છે ! તેવો જ ખપ પરમેશ્વરના માર્ગમાં જાગે ને આળસને પ્રમાદનો ત્યાગ કરી સાવધાન થઈ અભ્યાસ કરે તો ભગવાનનો માર્ગ તો બહુ સહેલો છે.

ભક્તિસુધાના લેખો મોકલવા અંગે

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી હવે દર માસે શ્રી સ્વામિનારાયણ અંકમાં ભક્તિ સુધા સામેલ કરેલ છે. જેથી ભક્તિસુધામાં નિયમિત લેખ લખતા બહેનોએ દર માસની ૧૦ તારીખ સુધીમાં શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યલય ઉપર સુંદર લીલા ચરિત્રના લેખ લખીને મોકલી આપવા.

સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં યોજાયેલ ભાગવત સપ્તાહ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને પૂ. મહંત શા.સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી પ.ભ. કમળાબા ભાવસાર તરફથી શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે તા. ૨૧-૧-૦૬ થી તા. ૨૭-૧-૦૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પૂ. પુરાણી સ્વામી ઘનશ્યામચરણદાસજી તથા શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજીના વક્તાપદે અને સંહિતાપાઠ સત્યસ્વરૂપ સ્વામીના વક્તાપદે ધામધુમથી સંપન્ન થઈ હતી. નિત્યે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભામાં દર્શન આપવા પધારતા. તા. ૨૭-૧-૦૬ પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. મહારાજશ્રીની નિશ્રામાં શા.સ્વા. સત્યપ્રકાશદાસજી શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી આદિ સંતોએ યજમાનની સેવાને બિરદાવી હતી. યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

(કોઠારી સ્વામી ધર્મપ્રકાશદાસ)

મણીયોર (ઈડરદેશ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઈડર મંદિરના મહંત જગદીશપ્રસાદદાસજીએ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ પ્રસંગે કુલ ૬ મંદિર નિર્માણનો સંકલ્પ કરેલ. જેના અનુસંધાને આ પ્રથમ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે તા. ૮-૧૨-૦૫ થી ૧૪-૧૨-૦૫ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ વિષ્ણુયાગ આદિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ વિદ્વતા પૂર્ણ પ્રવચન કરીને સૌને રાજી કર્યા હતા. કથાના વક્તા શાસ્ત્રી હરિજીવનદાસજીએ સુંદર કથા કરીને હરિભક્તોને લાભ આપેલ. સંહિતા પાઠમાં શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશદાસજી (ફ્લોરિડા)એ લાભ આપેલ.

તા. ૧૪-૧૨-૦૫ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવેલ. પ.પૂ. મહારાજશ્રીએ સૌ પ્રથમ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારીને યજ્ઞ અને પારાયણની પૂર્ણાહુતિ કરી હતી. સભામાં યજમાનો અને ગામના હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ઈડર મહંત સ્વામીનું સર્વે હરિભક્તોએ સન્માન કરીને શાલ ઓઢાડી હતી. પ્રાસંગિક સભામાં રઘુવીર સ્વામી, શા. સત્યપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રવચન કરેલ. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપતા આદેશ કરેલ કે શ્રી નરનારાયણદેવને વફાદાર રહી મંદિરમાં નિત્ય દર્શને આવજો. તેવી ભલામણ કરી હતી. પટેલ નારાયણભાઈ વશરામભાઈએ સભામાં સન્માનપત્ર વાંચી સંભળાવેલ. અને ડી.કે. પટેલે આભાર વિધિ કરી હતી. સભા સંચાલન શા. આનંદજીવનદાસજીએ સંભાળ્યું હતું. આ પ્રસંગે દરેક મંદિરોના સંતો મહંતોએ પધારીને સુંદર લાભ આપેલ. સિંહાસન અને છેલ્લા દિવસના ભોજનના યજમાન અ.સૌ. પુંજીબેન પટેલ પરિવાર હસ્તે ઈન્દુબેન તથા અમીતાબેન રહ્યા હતા. ગામના હરિભક્તોએ તન, મન, ધનથી સેવા કરીને પ્રસંગને શોભાવ્યો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભામાં સુંદર આર્શીપ્રવચન કરીને અલૌકિક લાભ આપેલ. બહેનોના આગ્રહભર્યા આમંત્રણથી પધારેલા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ બહેનોને દર્શન-આશીર્વાદનું સુખ આપી ગામના બહેનો પર ખૂબજ પ્રસન્ન થયા હતા.

(સત્ય સંકલ્પદાસ)

કાંકરિયા મંદિરમાં ધનુર્માસ ઘૂન મહોત્સવ અને પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામીની પ્રેરણાથી ધનુર્માસમાં તા. ૧-૧-૦૬ થી ૧૩-૧-૦૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ શાસ્ત્રી યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. પૂર્ણાહુતિની આરતી પ.પૂ.લાલજી મહારાજે ઉતારીને સમસ્ત સભાને અલૌકિક આશીર્વાદ આપ્યા હતા. બહેનોને દર્શન-આશીર્વાદ આપવા પ.પૂ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રી રાજા પધાર્યા હતા. જેતલપુરના પાઠશાળાના સંતોએ પણ સુંદર પ્રવચન કરેલ.

અત્રે ધનુર્માસમાં સવારે ૬ થી ૭ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધુન, સંત-મંડળ સાથે હજારો ભાવિકોએ કરી હતી. ધનુર્માસ પૂર્ણાહુતિ મકર સંક્રાતિ-પૂનમ અને શનિવાર એમ ત્રણ સુંદર અવસર પર ઠાકોરજી, બાલસ્વરૂપ કષ્ટભંજનદેવ અને જપયજ્ઞ નો દિવ્ય લાભ હજારો હરિભક્તોએ લઈ ધન્ય બની ગયા હતા. મહંત સ્વામી અને કોઠારી સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. પૂ. દેવ સ્વામીએ ઠાકોરજીને આખો માસ પર્યન્ત સુંદર શૃંગાર દર્શન કરાવીને સૌ હરિભક્તોને રાજી કર્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

કલોલ શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ સંકુલમાં પારાયણ

અત્રેના સંકુલમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના લાભાર્થે શ્રીમદ્ સત્સંગિભૂષણ

પંચાન્હ પારાયણ તા. ૧૪-૧૨-૦૫ થી ૧૮-૧૨-૦૫ પર્યન્ત સ.ગુ. શા.સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારણપુરા મંદિર મહંત)ના વક્તાપદે ધામધુમથી સંપન્ન થઈ હતી. પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. હરિભક્તોએ કથાનો દિવ્ય લાભ લઈ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણમાં પોતાનું કિંમતી યોગદાન નોંધાવ્યું હતું. *(નિલકંઠ સ્વામી)*

સિધ્ધપુર નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરના લાભાર્થે પારાયણ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી રાણીપ બલોલ નગરમાં તા. ૨૬-૧૨-૦૫ થી તા. ૧-૧-૦૬ પર્યન્ત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારણપુરા મહંતશ્રી)ના વક્તાપદે શ્રી સ્વામિનારાયણ મંદિરના લાભાર્થે શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. રાણીપ, વાડજ, નારણપુરા, ઘાટલોડીયા વગેરે વિસ્તારોમાંથી હરિભક્તો કથા સાંભળવા આવતા હતા. કથાના મુખ્ય યજમાન અ.નિ. રામાભાઈ આત્મારામદાસ પટેલ (ડાંગરવા) ગં.સ્વ. પુરીબેન રામદાસ પટેલ તથા તેમના સુપુત્રો અ.નિ. બળદેવભાઈ, અ.નિ. શ્રી ભગુભાઈ, શ્રી જયંતીભાઈ (શિકાગો), શ્રી ગોવિંદભાઈ, શ્રી કાંતિભાઈ અને શ્રી યોગેન્દ્રભાઈ (રાજુભાઈ) પરિવાર રહ્યા હતા. સહ યજમાન શ્રી સાંકળચંદભાઈ છગનભાઈ પટેલ (વિહારવાળા) હસ્તે શ્રી જયંતીભાઈ સાંકળચંદભાઈ પટેલ રહ્યા હતા.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને આશીર્વાદ આપતા જણાવ્યું કે, **દરેક હરિભક્તે બે વસ્તુયાદ રાખવા જેવી છે. અને બે વસ્તુ ભૂલવા જેવી છે. પોતાના સદ્‌ગુણો અને દાન એ બે ભૂલવા જેવા છે. અને મૃત્યુ સમયે અંતઃકાળે ભગવાન અને સંતોને યાદ રાખવા જેવા છે. સિદ્ધપુર મંદિર માટે જે કોઇ એ નાની મોટી સેવા કરી છે તેમને ધન્યવાદ. સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન સૌનું કલ્યાણ કરે તેવા રૂડા આશીર્વાદ આપેલ.**

(મણીભાઈ ખાંડવાળા, કનુભાઈ પટેલ)

કુહા ગામે શ્રીમદ્ ભાગવત પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા કાંકરિયા મહંત સ્વામી અને કોઠારી આનંદ સ્વામીની પ્રેરણાથી પ.ભ. કાશીબેન ખુશાલભાઈ પટેલ તરફથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શા.સ્વા. પ્રાણજીવનદાસજી અને શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના હજારો પ્રેમી હરિભક્તોએ ધામધુમથી સ્વાગત સામૈયું કર્યું હતું.

પ.પૂ. મહારાજશ્રી સભામાં બિરાજમાન થયા ત્યારે યજમાન પરિવારના શ્રી ગીરીશભાઈ અંબાલાલ પટેલ, શ્રી અરૂણભાઈ અને શ્રી નટુભાઈ ગામડીવાળા એ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણમાં યજમાન કાશીબાના પરિવારે રૂ. ૫૧,૦૦૦/- અને કુહાગામ સમસ્ત તરફથી ત્રણ લાખ જેટલું અનુદાન પ્રાપ્ત થયું હતું.

આ પ્રસંગે કાંકરિયા મહંતશ્રીના બન્ને મોટા ગુરુએ પધારીને યજમાન પરિવારને આશીર્વાદ આપેલ.

સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મહારાજશ્રીએ યજમાન પરિવાર અને ગામ સમસ્તને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દિવ્ય સંકલ્પનો મહિમા માહાત્મ્ય સમજાવીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે કાશીબાનું ઘર પાવન કરીને સ્વસ્થાન પધાર્યા હતા. સમસ્ત ભક્તજનોને પ્રસાદની વ્યવસ્થા શ્રી ગીરીશભાઈ પટેલ, શ્રી અરૂણભાઈ, શ્રી હિમાંશુભાઈ અને શ્રીમનોજભાઈએ કરી હતી.

(નટુભાઈ પટેલ - ગામડીવાળા)

નીચેના મહા મંદિરો અને હરિમંદિરોમાં શાકોત્સવ ધામધુમથી ઉજવાયો

<u>નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર</u>

અને શ્રી પ્રભા હનુમાનજી મંદિરમાં તા. ૮-૧-૨૦૦૬ અને ૨૨-૧-૨૦૦૬ના પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. મહંત શા. ઘનશ્યામપ્રકાશદાસજી અને સ.ગુ. દેવ સ્વામીની પ્રેરણા-માર્ગદર્શનથી સુંદર આયોજન થયું હતું. યજમાન પરિવારે સુંદર લાભ લીધો હતો.

<u>માણસા શ્રી સ્વામિનારાયણ મંદિર</u>માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અદ્‌ભૂત શાકનો વઘાર કરીને શાકોત્સવ ઉજવ્યો હતો. મહંત સ્વામી રામચરણદાસજી અને શ્રી વલ્લભ સ્વામીની પ્રેરણાથી પ.ભ. અરવિંદભાઈ કેશવલાલ પટેલ (યુ.એસ.એ. - હાલ ડાંગરવા) પરિવારે યજમાન પદનો લાભ લઈ ધન્ય બન્યા હતા. ઉત્તર ગુજરાતના હરિભક્તો આજે અતિ રાજી થયા હતા.

<u>રિદ્રોલ (ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર</u> અત્રે તા. ૮-૧-૦૬ના રોજ પ.પૂ.ધ.ધ

આચાર્ય મહારાજશ્રીએ શ્રીજી મહારાજના પ્રસાદીના આ ગામના મંદિરમાં શ્રીહરિની જેમ જ શાકોત્સવ કરીને ભક્તજનોને અલૌકિક મહા લાભ આપેલ. નારણપુરાના મહંત શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજીની પ્રેરણાથી પ.ભ. કનુભાઈ બાબુભાઈ પટેલ તથા પ.ભ. મનુભાઈ બાબુભાઈ પટેલે યજમાન બનીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને મહંત સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો. સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. .

સાબરમતી : પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રેના પ.ભ. નારણભાઈ બી. પટેલ આદિ સૌ હરિભક્તોએ તા. ૨૮-૧૨-૦૫ના કોટેશ્વર ગુરુકુળ ખાતે સુંદર શાકોત્સવનું આયોજન કરેલ. કથા-વાર્તા-ધૂન-ભજન આદિ પી.પી. સ્વામી (નાના) અને શા. રામકૃષ્ણદાસજીએ કરેલ.

મોડાસા (સોનીવાડા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રી છપૈયાપ્રસાદદાસજી અને સંત-પાર્ષદ મંડળે ધનુર્માસમાં પંદર દિવસ કથાવાર્તા અને તા. ૮-૧-૦૬ના શાકોત્સવ કરીને હરિભક્તોને લાભ આપેલ.

ઉવારસદ શ્રી સ્વામિનારાયણ મંદિર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નૅરનારાયણદેવ યુવક મંડળે તા. ૮-૧૨-૦૫ના અત્રે મંદિરમાં સુંદર શાકોત્સવ ઉજવ્યો હતો. શા. છપૈયાપ્રસાદદાસ અને શા. વિશ્વપ્રકાશદાસે શાકોત્સવનો મહિમા સમજાવેલ.

ચાણસ્મા શ્રી સ્વામિનારાયણ મંદિર અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શા.સ્વા. સિધ્ધેશ્વરદાસની પ્રેરણાથી તા. ૧૯-૧-૦૬ના હરિભક્તોએ શાકોત્સવ કરીને ગામના પ્રેમી હરિભક્તોને મહા લાભ આપેલ.

આનંદપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શા.સ્વા. સિધ્ધેશ્વરદાસની પ્રેરણાથી તા. ૧૫-૧-૦૬ના હરિભક્તોએ શાકોત્સવનું આયોજન કરીને ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો.

માણેકપુર (ઘનશ્યામનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાગવત પારાયણ અને શાકોત્સવ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૫-૧-૦૬ થી તા. ૯-૧-૦૬ પર્યન્ત શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું સુંદર આયોજન થયું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને કથાની પૂર્ણાહુતિ કરી શાકોત્સવ પોતાના વરદ્ હસ્તે કરીને હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન-આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું.

વિસનગર શ્રી સ્વામિનારાયણ મંદિર અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૫-૧૨-૦૫ના રોજ હરિભક્તોએ શાકોત્સવનું આયોજન કરેલ. જેમાં વડનગર મંદિરના શા. વિશ્વપ્રકાશદાસ અને સાધુ અભિષેકપ્રસાદદાસે શાકોત્સવનો મહિમા માહાત્મ્ય સમજાવેલ. ઉત્તર ગુજરાતના ઘણાજ ગામોના ભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો. છેલ્લા ૨૫ વર્ષથી ધર્નુમાસમાં પ્રભાતફેરીની સેવામાં અખંડ સેવા આપનાર પ.ભ. મુકેશભાઈ કે. ભાવસારનું સન્માન કરવામાં આવેલ.

(કાંતિભાઈ પટેલ)

મોટા ઉભંડા (તા. વિરમગામ) અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૩-૧-૦૬ના રોજ સાંખ્યયોગી બબુબાની પ્રેરણાથી ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો.

વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર : પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજીની શુભ પ્રેરણાથી તા. ૮-૧૨-૦૫ના રોજ દિવ્ય શાકોત્સવ ઉજવાયો. સભામાં શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસે શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો. *(સ્વામી અભિષેકપ્રસાદ)*

રામપુરા ભંકોડા

શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રીહરિની દિવ્ય પ્રસાદી ભૂત આ ગામમાં ધનુર્માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા સવારે ૫-૩૦ થી ૭-૦૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન-કથાવાર્તા અને નિત્યે વિવિધ થાળ જમાડવામાં આવતા હતા. *(અરજણભાઈ મોરી)*

કાલીયાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૫-૧૨-૦૫ના રોજ સવારે ૫-૦૦ વાગે પૂ. પી.પી. સ્વામી સંત મંડળ સાથે જેતલપુરથી પધારીને સૌ પ્રથમ મહામંત્ર ધૂન અને ત્યારબાદ પોતાની સુમધુર વાણીમાં કથાનો સુંદર મહા લાભ આપીને હરિભક્તોને રાજી કર્યા હતા. માગસર સુદ સફલા એકાદશીના સવારના ૬ થી સાંજના ૬ પર્યન્ત ૧૨ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. જેમાં ભાઈઓ-

બહેનો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા. પ.ભ. મોરી લાલજીભાઈ તરફથી ધૂનનું આયોજન થયું હતું. પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા અને પ.ભ. ભીખુભાઈ જેઠુભાઈ મોરી એ સંતોને કથા વાર્તા કરવા તેડાવીને સુંદર સત્સંગનું કાર્ય કરી રહ્યા છે. ધન્ય છે. આવા શુરવીર ભક્તોને.

(મોરી લાલજીભાઈ એચ.)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મહાપ્રસાદીભૂત જ્ઞાનવાવે શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી તા. ૩૧-૧૨-૦૫ના રોજ સુરેન્દ્રનગર મંદિર દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ. મૂળી દેશના ઘણાંજ ગામોના હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. જેમાં મૂળી, ચરાડવા, ધ્રાંગધ્રા અને રતનપર મંદિરના સંતોએ પધારીને જ્ઞાનવાવનો મહિમા માહાત્મ્ય કહ્યો હતો. છેલ્લે સમસ્ત સભાને મોબાઈલથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીની પ્રેરણાથી સુરેન્દ્રનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળે આયોજન કર્યું હતું. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિર (તપોવન)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે સ્વા. ભક્તવત્સલદાસે ધનુર્માસમાં ધૂન અને શાકોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. હરિભક્તોએ સારો લાભ લીધો હતો. *(પૂજારી સુખનંદનદાસ)*

સ.ગુ. દેવાનંદ સ્વામીના બળોલ (ભાલ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ઉજવાયો

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને હજુરી પાર્ષદ વનરાજ ભગતની પ્રેરણાથી પૂજારી મોહન ભગત, પ.ભ. કોઠારી માલુભાઈ ચાવડા, પ.ભ. ચંદુભાઈ શાંતિભાઈ પરમાર, પ.ભ. કાનજીભાઈ સિંધવ, પ.ભ. વાલજીભાઈ પરમાર, પ.ભ. જશુભાઈ પરમાર આદિ હરિભક્તોના સાથ સહકારથી પ્રસાદીના આ ગામના ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન-કથા-વાર્તા આદિ કાર્યક્રમ સુંદર રીતે ઉજવાયા હતા. અત્રે યુવાનો અને બાળકો પણ ધૂનમાં મોટી સંખ્યામાં લાભ લેવા આવતા હતા.

(લાભુભાઈ જે. ચાવડા)

વિદેશ સત્સંગ સમાચાર

શિકાગો (I.S.S.O., U.S.A.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ઉજવાયો

પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણકૃપાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં ધનુર્માસમાં કડકડતી ઠંડીમાં પણ હરિભક્તો મોટી સંખ્યામાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો લાભ લેવા અને સાથે ઠાકોરજી માટે બહેનો નિતનિત નવા અવનવા થાળ ધરાવવા માટે ખૂબજ શ્રદ્ધા-ભક્તિથી લાવતા હતા. પૂજારી હરિનંદન સ્વામી ઠાકોરજીને અવનવા શૃંગારના સુંદર દર્શન કરાવીને ભક્તોને રાજી કરતા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો આ વરસે વિશેષ પ્રમાણમાં લાભ લેવા ઉત્સાહ પૂર્વક આવતા હતા. જે સમાચાર જાણીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યુવકોને ધન્યવાદ સાથે અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

ધનુર્માસમાં સવારે ૬, મંગળા આરતી ૬-૩૦, શણગાર આરતી અને ત્યારબાદ સભામાં શ્રી ઘનશ્યામ લીલામૃતની કથા મહંત સ્વામીએ કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અત્રે સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(દિનેશ હિરજીભાઈ કચ્છી)

કલિવલેન્ડ ચેપ્ટર (I.S.S.O., U.S.A.)

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે કલિવલેન્ડ ચેપ્ટરમાં તા. ૧૫-૧-૨૦૦૬ના રોજ શાકોત્સવનું ભવ્ય આયોજન હરિભક્તોના સાથ સહકારથી કરવામાં આવેલ. સત્સંગી બહેનોએ શ્રદ્ધા ભક્તિથી રોટલા અને શાક બનાવ્યા હતા. યજમાન પરિવાર પ.ભ. ડાહ્યાભાઈ, પ.ભ. ગીરીશભાઈ, પ.ભ. વિનોદભાઈ અને પ.ભ. ચંદનબાએ લાભ લીધો હતો. બોસ્ટન મંદિરથી પધારેલા શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીએ શાકોત્સવનો મહિમા અને ધર્મકુળનું માહાત્મ્ય હરિભક્તોને સમજાવ્યું હતું. પ્રમુખ શ્રી પ્રકાશભાઈ, શ્રી હરેશભાઈ, શ્રી ભીખુભાઈ ઠક્કર, શ્રી ગીરીશભાઈ, શ્રી સાધુરામભાઈ અને શ્રી દિવ્યકાંતભાઈએ હરિભક્તોના સાથ સહકારથી આ આયોજન કર્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(જયંતીભાઈ પટેલ - વડુવાળા)

વોશિંગ્ટન ડી.સી. બુવી મેરીલેન્ડ (I.S.S.O., U.S.A. ચેપ્ટર)

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૦-૧૨-૦૫ શનિવારના સાંજના ૨ કલાક ઠાકોરજી સમક્ષ કથા-વાર્તા-ભજન-કીર્તન-નિત્ય નિયમ હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા. સભામાં હરિભક્તોની સાંખ્યયા સારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. *(કનુભાઈ પટેલ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની
(I.S.S.O. ઓસ્ટ્રેલીયા ચેપ્ટર)

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા સીડની મંદિરમાં વિવિધ ઉત્સવો ધામધુમથી ઉજવવામાં આવેલ છે.

તા. ૧૬-૧૦-૦૫ના શ્રીમદ્ ભગવદગીતા પારાયણની પૂર્ણાહુતિ થઈ હતી. વક્તાશ્રીનું મંદિર તરફથી સન્માન કરવામાં આવેલ. શ્રી મહેશભાઈ ત્રિવેદી સ્પોન્સર રહ્યા હતા. તા. ૨૩-૧૦-૦૫ની પ.ભ. ભાઈલાલભાઈ પટેલ અને શારદાબેન પટેલ તરફથી સભા થઈ હતી. જેમાં કીર્તન ભક્તિ અને રાસ રમવામાં આવેલ.

તા. ૬-૧૧-૦૫ના ભવ્ય અન્નકૂટ ઉત્સવ કરેલ. સત્સંગી બહેનોએ જાતજાતની વાનગીઓ અન્નકૂટ માટે બનાવવાની સેવા કરી હતી. હજારો ભક્તજનોએ અન્નકૂટના દર્શન કરી ધન્યતાની લાગણી અનુભવી હતી.

તા. ૧૩-૧૧-૦૫ના રોજની સભા પ.ભ. યોગેશભાઈ, શ્રી નિલેશભાઈ, શ્રી વિપુલભાઈ, શ્રી જયેશભાઈ તથા ડૉ. પ્રહલાદભાઈ તરફથી થઈ હતી. જેમાં ધૂન-ભજન કથાવાર્તા અને નિત્ય નિયમ કરવામાં આવેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(તેજસ બી. પટેલ)

ફ્લોરીડા શ્રી સ્વામિનારાયણ મંદિર
(I.S.S.O., U.S.A.)

ફ્લોરીડા સ્ટેટ લેકલેન્ડમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શન મુજબ તા. ૧૬-૧૨-૦૫ થી તા. ૧૪-૧-૦૬ સુધી ધનુર્માસ ધુનનું મંગલમય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધૂન્ય દરરોજ સવારે ૬-૩૦ થી ૭-૦૦ સુધી અડધો કલાક સુધી રણકતી હતી. જેમાં પ્રેસીડેન્ડ શ્રી નલિનભાઈ ડી. પટેલ વાઈસ પ્રેસીડેન્ટ પ.ભ. મણીભાઈ ડી. પટેલ, શ્રી રમેશભાઈ હીરાણી, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી તેજેન્દ્રભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ આઈ. પટેલ, શ્રી બળદેવભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ, શ્રી દીલીપભાઈ શાહ, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ જી. પટેલ અને શ્રી ચિન્મયભાઈ પટેલ વિગેરે હરિભક્તોના પરિવારોએ દૈનિક ધૂનમાં હાજરી આપી અલૌકિક લાભ લીધો હતો. ધનુર્માસમાં કુલ ૩૦૭ જેટલી ધૂન નોંધાઈ હતી. તા. ૩૦-૧૨-૦૫ સુધી શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીએ હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદથી પધારેલા શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી તથા સ્વા. ધર્મસ્વરૂપદાસજી લાભ આપી રહ્યા છે.

●

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

પોષ સુદી-૨ પ.ભ. મફતલાલ નારણદાસ પટેલ, માણેકપુર. પૂજારી સ્વામી વાસુદેવચરણદાસજી (સ્વામિનારાયણ મંદિર અમદાવાદ). અ.નિ.પ.ભ. કાનબાઈ વાલજી કેરાઈ. પ.ભ. પંકજભાઈ ગાંડાભાઈ પટેલ. **પોષ સુદી-૯** પ.ભ. દિલીપભાઈ ભાવસાર. પ.ભ. ડૉ. વાચસ્પતિ મિશ્રા (ગુરુજી) (સ્વામિનારાયણ મંદિર અમદાવાદ). પ.ભ. વલ્લભભાઈ પોપટભાઈ. **પોષ સુદી-૧૨** એક હરિભક્ત બહેન (હ. શ્રી મણીભાઈ સોમદાસ પટેલ). અ.નિ.પ.ભ. મુલચંદભાઈ કેશવલાલ. પૂ. સાંખ્યયોગી શાંતાબા તરફથી (હવેલી). **પોષ સુદી-૧૩** પ.ભ. લતાબેન દેવેન્દ્રભાઈ પાટડીયા, આણંદ. **પોષ સુદી-૧૫** અ.નિ.પ.ભ. રૂક્ષ્મણીબેન ગિરધરલાલ ગજ્જર (હ. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર, અમદાવાદ.

પોષ વદી-૧ પ.ભ. નિમેષભાઈ ત્રિવેદી (હ. શ્રી વિરેન્દ્રભાઈ ભાવસાર). **પોષ વદી-૪** સાંખ્યયોગી કમળાબા (ધમાસણા) (હ. ઈશ્વરભાઈ એમ. પટેલ -જે.પી. સ્વામી). **પોષ વદી-૫** અ.નિ.ગં.સ્વ. પ્રભાવતીબેન શંકરલાલ. **પોષ વદી-૬** સાંખ્યયોગી રતનબાની ત્રયોદશા નિમિત્તે (હ. સાંખ્યયોગી સુંદરબા, હવેલી), અમદાવાદ. **પોષ વદી-૭** પ.ભ. ચતુરભાઈ શિવાભાઈ પટેલ. પ.ભ. પ્રદિપાબેન (શ્રીમદ્ ભાગવત પારાયણ પ્રસંગે). પ.ભ. હિરલબેન પ્રવિણભાઈ પટેલ. પ.ભ. જયંતીલાલ મગનલાલ પટેલ, નડીયાદ. પ.ભ. નાગજીભાઈ વલ્લભભાઈ પટેલ. **પોષ વદી-૧૦** પ.ભ. રસિકભાઈ બકોરભાઈ પટેલ, અમદાવાદ. **પોષ વદી-૧૧** અ.નિ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિચરણદાસજી, ડભાણવાળા. **પોષ વદી-૧૩** પ.ભ. કમળાબેન ભાવસાર (શ્રીમદ્ ભાગવત પારાયણ પ્રસંગે), પ.ભ. ગોપાળભાઈ વેલજીભાઈ વેકરીયા, બળદીયા. **પોષ વદી-૩૦** પ.ભ. બળવંતભાઈ મગનભાઈ પટેલ, અમદાવાદ.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૫૦-૦૦	શ્રી સ્વામિનારાયણ મંદિર ભાયંદર પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે	મુંબઈ
૨૦૧-૦૦	શ્રી કીરીટભાઈ અંબાલાલ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	ઝુંડાલ
૧૦૦-૦૦	શ્રી ગોવિંદભાઈ જેશંગભાઈ ચાવડા ધનુર્માસ પ્રસંગે	બળોલ
૧૦૧-૦૦	શ્રી ભાઈલાલભાઈ નારણભાઈ પટેલ ચિ. અનીલા તથા જયેશના લગ્ન પ્રસંગે	ખેરાળી
૧૦૧-૦૦	શ્રી રાહુલભાઈ રાજા શ્રીજી પ્રસન્નાર્થે.	કાંદીવલી
૧૦૫-૦૦	શ્રી મુળજીભાઈ સી. રામાણી ચિ. અસ્મિતાના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી ધીરજલાલ મોહનલાલ ટાંક સ્વાસ્થય સારૂ થવા નિમિત્તે	રોહીશાળા
૧૦૧-૦૦	શ્રી નટવરભાઈ શંકરદાસ પટેલ ચિ. નિકુંજના શુભ લગ્ન પ્રસંગે	સોજા
૧૦૧-૦૦	શ્રી દિલીપભાઈ પ્રવિણભાઈ મકવાણા જન્મ દિવસ પ્રસંગે	પીરાણા
૧૦૧-૦૦	શ્રી સંજયભાઈ રસિકલાલ પટેલ નવું કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી કાંતાબેન દશરથલાલ પટેલ મકાન લીધું તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી નવિનકુમાર રણછોડભાઈ પટેલ દુકાન લીધી તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી શંભુભાઈ હિરજીભાઈ પટેલ કાર લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ગુણવંતરાય નાગજીભાઈ મીસ્ત્રી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૫૦૧-૦૦	શ્રી લાલજી એસ. ગામી પટેલ ચિ. દિશા-દિપક ગામી જન્મ પ્રસંગે	ભુજ (હાલ યુ.કે.)
૧૦૧-૦૦	શ્રી કાનજીભાઈ મોતીભાઈ પટેલ જુનો બોર ચાલુ કર્યો તે નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦	શ્રી દિપકકુમાર પ્રભુલાલ વેગડ ચિ. સૌરભના જન્મ પ્રસંગે	જીરાગઢ
૧૦૦-૦૦	શ્રી જયમીન નવનીતભાઈ મોદી નવી નોકરી મળી તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી દિપીકાબેન ભૂપેન્દ્રકુમાર મોદી પ્રસંગ સફળ થયો તે નિમિત્તે	મહેસાણા
૧૦૧-૦૦	શ્રી જસ્મિન જગદીશભાઈ અમીન એમ. ફાર્મમાં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ગૌરાંગ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મીતાબેન ગોકળદાસ પટેલ જન્મ દિવસ પ્રસંગે	બાયડ
૧૦૧-૦૦	શ્રી પાર્થ હિતેન્દ્ર રામપરીયા જન્મદિન પ્રસંગે	મુંબઈ
૫૦૧-૦૦	શ્રી ગ્રિસ્માબેન મહેન્દ્રભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	આંબાવાડી
૧૦૧-૦૦	શ્રી દિનુભાઈ પરસોત્તમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કણભા
૧૦૧-૦૦	શ્રી અલ્પેશકુમાર વિષ્ણુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	આનંદપુરા
૨૫૧-૦૦	શ્રી પ્રિયાબેન જયકુમાર બચુભાઈ પટેલ જન્મ દિવસ પ્રસંગે	કરજીસણ (હાલ યુ.એસ.એ.)
૨૫૧-૦૦	શ્રી ઓમ જયપ્રકાશ બચુભાઈ પટેલ જન્મ દિન પ્રસંગે	કરજીસણ (હાલ યુ.એસ.એ.)
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વહેલાલ
૧૦૦-૦૦	શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ દીકરીને ત્યાં ભાણીના જન્મ પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી નરેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ પોલીસમાં જોબ મળી તે નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦	અ.નિ. શારદાબા રતીલાલ પુણ્યતિથિ નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦	શ્રી રાધાબેન નનુભાઈ મોરી ચારધામ યાત્રા નિમિત્તે	કાલીયાણા
૨૦૦-૦૦	શ્રી સંજયકુમાર મીસ્ત્રી નવું એકટીવા અને નવું મકાન લીધું તે નિમિત્તે	નાયકપુર
૧૦૧-૦૦	શ્રી શૈલેષભાઈ શકરાભાઈ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	ધનસુરા
૧૦૧-૦૦	શ્રી ભુદરભાઈ વાલજીભાઈ તલસાણીયા જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ ઠક્કર ચિ. તીર્થના ચૌલ સંસ્કાર નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જીગરભાઈ ઘનશ્યામભાઈ ઠક્કર ચી. તીર્થના ચૌલ સંસ્કાર પ્રસંગે	નાઈરોબી
૧૦૧-૦૦	શ્રી દયાળજીભાઈ નરસીભાઈ ચિ. નીતાબેનની સગાઈ પ્રસંગે	જામનગર
૧૦૧-૦૦	શ્રી નિતિનકુમાર શાંતિલાલ મનાણી શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ (રાજકોટ)

૧૦૧-૦૦	શ્રી ધનાભાઈ જેશંગભાઈ વઢેલ શ્રીજી પ્રસન્નાર્થે	એરવાડા
૧૦૧-૦૦	શ્રી કિરણકુમાર ડાહ્યાલાલ પટેલ ચિ. અંકિતના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચિમનભાઈ મગનભાઈ પટેલના સ્મરણાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦	શ્રી કેતનકુમાર બાબુલાલ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	નરોડા
૧૦૧-૦૦	શ્રી પ્રદિપકુમાર ઈશ્વરભાઈ પટેલ અલ્ટો ગાડી લીધી તે નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦	શ્રી સરસ્વતીબેન ઈશ્વરભાઈ કૈલા ચિ. પુત્રવધુ અમીબેનને ત્યાં પુત્રના જન્મ પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી દેવેન્દ્ર જી. ગોહેલ શ્રીજી પ્રસન્નાર્થે	જામનગર
૨૦૧-૦૦	શ્રી ગૌરાંગકુમાર કમલેશભાઈ પટેલ તા. ૨૭-૧૨-૦૫ના પુત્રના શુભ જન્મ પ્રસંગે (ધરમપુરવાળા)	કાંકરિયા
૧૦૧-૦૦	શ્રી આર્યન તેજેશ ચંદુભાઈ ડેરીવાળા જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જીજ્ઞાસાબેન હિંમતભાઈ સગાઈ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી દ્વારકાભાઈ જમનાદાસ ચિ. ઉપેન્દ્રકુમારના લગ્ન પ્રસંગે (કરશનપુરાવાળા)	અમદાવાદ
૩૦૧-૦૦	શ્રી જગજીવનભાઈ રણછોડભાઈ પટેલ અમર પરિવાર શ્રીજી પ્રસન્નાર્થે હ. પાર્ષદ કનુભગત	નારણપુરા
૧૦૦-૦૦	શ્રી મંગળભાઈ પુંજીરામ પટેલ ઓપરેશન સફળ થયુ તે નિમિત્તે	વેડા
૧૦૧-૦૦	શ્રી રમુભાઈ વેલાભાઈ ડોડીયા કા.સુ.-૯ના અક્ષરવાસ નિમિત્તે	કડવાસણ
૧૦૧-૦૦	શ્રી રુદ્ર દેવેન્દ્રકુમાર તા. ૨૬-૧૨-૦૫ના જન્મ પ્રસંગે	કુબડથલ
૧૫૧-૦૦	શ્રી નિર્મળકુમાર વિઠ્ઠલભાઈ વેકરીયા લગ્ન પ્રસંગે	ગાંધીનગર
૧૦૦-૦૦	શ્રી પરેશકુમાર વિષ્ણુભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	ડાંગરવાવાળા
૧૦૦-૦૦	શ્રી અમિતકુમાર વિષ્ણુભાઈ પટેલ ચિ. હેલીબેનના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી ચંચળબા રમણભાઈ પટેલ પુણ્યતિથિ નિમિત્તે હા. કમલેશભાઈ	જમીયતપુરા
૨૫૧-૦૦	શ્રી ગૌરાંગભાઈ ગોવિંદલાલ સોની ચિ. નયનના જન્મ પ્રસંગે (ખોડુવાળા)	યુ.એસ.એ.
૫૦૧-૦૦	અ.નિ. શ્રી શાંતિભાઈ સી. પટેલના સ્મરણાર્થે હા. હંસાબેન એસ. પટેલ	યુ.એસ.એ.
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૫૧-૦૦	હિંમતનગર મંદિર બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના ચરણકમળ સમીપથી એક હરિભક્ત તરફથી	
૧૫૧-૦૦	શ્રી ભાસ્કરભાઈ નટવરભાઈ પટેલની સુપુત્રી ચિ. ભૂમિકાના લગ્ન પ્રસંગે, શ્રીજી પ્રસન્નાર્થે	નાંદોલ

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ : સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણદાસજી (ઉંમર : ૮૫) ગુરુ પુરાણી સ્વામી મુકુન્દજીવનદાસજી અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૧-૨-૨૦૦૬ના રોજ અક્ષરનિવાસી થયા છે.

રાજકોટ : શ્રી સ્વામિનારાયણ ઘરાનાના ગાયક અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. ચંદુભાઈ દામોદરભાઈ રાઠોડ તા. ૧૫-૧-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નાઈરોબી : મૂળ કચ્છના પણ વરસોથી પૂર્વ આફ્રિકા વસતા પ.ભ. અરવિંદભાઈ તથા તેમના પરિવારના કુલ ૫ હરિભક્તો બસ અકસ્માતમાં અક્ષરનિવાસી થતા કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત સ્વામી અને હરિભક્તોએ શ્રધ્ધાજંલિ અર્પીને શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી.

અમદાવાદ : શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળના બે નિષ્ઠાવાન હરિભક્ત પ.ભ. મુકુન્દભાઈ ભોગીલાલ મોદી તા. ૨૮-૧૨-૦૫ અને પ.ભ. હરિશભાઈ અંબાલાલ શેઠ તા. ૭-૧-૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ અને સત્સંગમાં ન પુરાય તેવી ખોટ પડી છે. શ્રીહરિ તેમને નિજ સેવામાં રાખે એજ પ્રાર્થના.

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર હવેલી : સાંખ્યયોગી પાનબાના શિષ્ય સાંખ્યયોગી પૂજય રતનબા ૬૩ વર્ષની ઉમરે તા. ૮-૧-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સુરત (રામપુરા) : અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સેવા પૂજા કરતા પૂ. સાંખ્યયોગીબા શ્રી ગજરાબા ૧૦૫ વર્ષની વયે તા. ૫-૧-૨૦૦૬ના રોજ શ્રીજી મહારાજનું રટણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ધરમપુર (તા. કડી) : પ.ભ. જીવરાજભાઈ અને પ.ભ. કાંતિભાઈના પિતાશ્રી પ.ભ. પરસોત્તમભાઈ પોપટલાલ તા. ૨૫-૧૨-૨૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.






મણીયોર (ઈડર દેશ) શ્રી સ્વામિ નારાયણ મંદિરમાં ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા કરી આરતી ઉતારતાં પ.પૂ. મહારાજશ્રી


મૂળી મંદિરમાં વસંત પંચમીના શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ-અભિષેક કરતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી



મણીયોર શ્રી સ્વામિનારાયણ મંદિર માં યજમાન પરિવાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતાં



રિદ્રોલ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



પ.પૂ.લાલજી મહારાજશ્રી ઉતરાયણના સંત-પાર્ષદો સાથે પતંગ ચગાવવાનો અનેરો આનંદ માણતાં



મણીયોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે યજ્ઞ વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

REG. NO. G.A.M.C. 003 Valid up to June 2006

અમદાવાદના શાંત રમણીય નારણપુરા વિસ્તારમાં શ્રી હરિના છઠ્ઠા વંશજ શ્રીજી મહારાજના અપર સ્વરૂપ પ.પૂ.મોટા મહારાજશ્રીના દિવ્ય અલૌકિક સંકલ્પ શ્રી હરિની પ્રસાદીની વસ્તુઓનું બેનમૂન - ભવ્ય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું નિર્માણ કાર્ય રાત -દિવસ ધમધોકાર ચાલી રહ્યું છે. જે તસ્વીરમાં દેખાય છે.

Prafull Kharsani